**સુવિચાર**
નિષ્ફળતા અને સફળતાનો વિચાર કર્યા સિવાય હાથ ઉપરનું કાર્ય પૂર્ણ લગન અને મહેનતથી કરવું.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૧૦/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૪૫

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
એપોઈન્ટમેન્ટ માટે 99782 23000
✣હૃદયરોગ - બીપી
✣શ્વાસ દમ ન્યુમોનિયા
✣પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
✣ડાયાબીટીસ - કીડની
✣લીવરની તકલીફ વગેરે
ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન
વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## ભાજપ સરકારને જનતા જનાર્દનને લાઈનમાં ઉભા રાખવાનો શોખ પુરો થતો જ નથી

# અમરેલી અને બાબરામાં આધારકાર્ડમાં કેવાયસી કરાવવા લાઈન લાગી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૩૦

જયારથી રાજય અને દેશમાં ભાજપ સરકાર આવી ત્યારથી દેશની જનતા અવનવા પ્રકારની લાઈનમાં જ જોવા મળી રહી છે. શરૂઆત નોટબંધીથી થઈને આજે આધારકાર્ડનું કેવાયસી કરાવવાની લાંબી લાઈન અમરેલી અને બાબરામાં જોવા મળી હતી.


અમરેલીમાં સુવિધા વગરનાં જનસેવા કેન્દ્રમાં એક તરફ વચેટિયાઓનો દબદબો બીજી તરફ આઉટ સોર્સથી ફરજ બજાવતાં કર્મચારીઓ, નેટવર્કનો અભાવ સહિતની પરેશાની વચ્ચે આજે યુવાનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત સૌ કોઈ આધારકાર્ડનું કેવાયસી કરાવવા લાઈનમાં લાગ્યા હતા.

**બાબરા**

બાબરા જનસેવા કેન્દ્ર ખાતે વહેલી સવારથી વિદ્યાર્થીઓ આવી અને લાઈનમાં બેસી ગયા હતા. સ્કૂલ પાડીને આવ્યા હતાં વિદ્યાર્થીઓ અને કલાકો સુધી સુધી બેસવું પડે છે પોતાના કામની

**અનુસંધાન પાના ૬ ઉપર**

રૂપાલાજીને જન્મદિન નિમિત્તે ખુબ-ખુબ શુભકામનાઓ...
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
સાંસદશ્રી - રાજકોટ

રાજકોટનાં સાંસદશ્રી
શ્રી પરશોતમભાઈ રૂપાલાજી નાં
જન્મદિન નિમિત્તે તેઓને દીર્ઘાયુ,
યશ, કિર્તી, પ્રતિષ્ઠા મળે
તેવી ખુબ-ખુબ શુભકામનાઓ...


: શુભેચ્છક :
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

૭૧માં જન્મદિન નિમિત્તે ખુબ-ખુબ શુભકામનાઓ...

અમરેલી જિલ્લા શ્વેત ક્રાંતિના સર્જનથી હજારો પરિવારને રોજી આપનાર અમર ડેરીનાં પ્રેરણા સ્ત્રોત, અને લોકશાહી જીવંત રાખવા પદયાત્રા તેમજ ટીફીન મીટીંગ દ્વારા લોકપ્રશ્નોને વાંચા આપનાર ભારતીય જનતા પાર્ટીનાં કુશળ સંગઠક અને મદદ પરિવારનાં મોભી અને રાજકોટના સાંસદશ્રી **માન.શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબને** તેમના જન્મદિવસે ફાટુ ભરીને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવતા અમર ડેરી પરિવાર હર્ષની લાગણી અનુભવે છે.
-: શુભેચ્છક :-
અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.'અમર ડેરી'
શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેનશ્રી : અ.જી.મ.સ. બેંક લી./સ્થાપક ચેરમેન : અમર ડેરી
શ્રી ડો. આર.એસ. પટેલ — મેનેજીંગ ડિરેક્ટર
શ્રી મુકેશ સંઘાણી — વાઈસ ચેરમેન
શ્રી અશ્વિન સાવલીયા — ચેરમેન
બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ

## અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ નારાજગી વ્યકત કરી

# કરજાળામાં રેતી ચોરી અને નેસડીમાં દેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ

### કરજાળા ગામનાં સરપંચ કરમશીભાઈએ દરરોજ ૨૪ કલાક ૧૫ થી વધુ વાહનો દ્વારા ખુલ્લેઆમ રેતી ચોરી થતી હોવાનો કર્યો આક્ષેપ

### નેસડી ગામનાં સરપંચ કરશનભાઈએ દેશી દારૂનાં વેચાણ માટે મેળો ભરાતો હોવાનો કર્યો આક્ષેપ

### જિલ્લામાં ગામડે ગામડે રેતી ચોરી, દેશી દારૂ અને એલડીઓનાં વેચાણ અંગે તપાસ કરવી જરૂરી હોવાનું પૂર્વ સાંસદે જણાવ્યું

### સત્તાધારી પક્ષનાં પૂર્વ સાંસદ કક્ષાનાં કદાવર આગેવાન જયારે આક્ષેપ કરતાં હોય મામલો ગંભીર માનવો રહ્યો

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં રેતી ચોરી, દેશી દારૂનું વેચાણ અને એલડીઓનું ગેરકાયદેસર રીતે વેચાણ થતું હોવાનો આક્ષેપ સત્તાધારી પક્ષનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ કરતાં ભાજપ સરકાર માટે આક્ષેપ ચિંતાનો વિષય બનવો જોઈએ.



ભાજપનાં પૂર્વ સાંસદે આજે આકસ્મિક સાવરકુંડલાનાં કરજાળા ગામની મુલાકાત લેતા ગામનાં સરપંચ કરમશીભાઈએ રજૂઆત કરી કે ગામમાંથી પસાર થતી શેલ નદીમાંથી ૨૪ કલાક ૧૫ થી વધુ ટ્રેકટર કે ડમ્પર ધ્વારા રેતી ચોરી કરવામાં આવી રહી છે અને ખાણ–ખનિજ વિભાગમાં અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં કોઈ કાર્યવાહી થતી ન હોવાનો આક્ષેપ કર્યો હતો. જો કે પૂર્વ સાંસદે તુરત જ ખાણ–ખનિજ વિભાગનાં અધિકારીને મોબાઈલ કરીને રેતી ચોરી બંધ કરાવવા સુચના આપી હતી.

બાદમાં પૂર્વ સાંસદને નેસડી ગામનાં સરપંચ કરશનભાઈએ જણાવેલ નેસડીમાં ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ થાય છે અને ગામમાં મેળો ભરાઈ છે અને ખેતરે–ખેતરે દેશી દારૂ પહોંચતો કરવામાં આવે છે અને આ રજૂઆત બાદ પૂર્વ સાંસદે ભારે આક્રોશ વ્યકત કર્યો હતો અને "અમરેલી એકસપ્રેસ" સાથે વાત કરીને સઘળી હકીકતો જણાવીને નેસડી અને કરજાળાનાં સરપંચ ને એડિટર સાથે વાત કરાવી હતી.

પૂર્વ સાંસદે જણાવ્યું કે, જિલ્લાનાં અનેક ગામોમાં ખુલ્લેઆમ રેતી ચોરી, દેશી દારૂનું વેચાણ તેમજ ગેરકાયદેસર રીતે એલડીઓનું વેચાણ થતું હોય જવાબદાર વિભાગ યોગ્ય ન કરે તો ગામે ગામ જવાની તૈયારી તેઓએ દર્શાવી હતી.

આમ સત્તાધારી પક્ષનાં પૂર્વ સાંસદ કક્ષાનાં આગેવાન નજરોનજર નિહાળીને અસામાજિક પ્રવૃત્તિ અંગે મીડિયાનું ધ્વાન દોરવા મજબૂર બન્યા હોય મામલો કેટલી હદે ગંભીર બની ગયો છે તે જાણી શકાય તેમ છે.

---

### ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓના આચાર્યો સાથે શિક્ષણ મંત્રીનો સંવાદ

## રાજયના શિક્ષણ વિભાગમાં તબક્કાવાર ૨૪,૭૦૦ જગ્યાઓ ભરવાની રાજય સરકારની નેમ : શિક્ષણ મંત્રી

### રાષ્ટ્ર નિર્માણમાં આચાર્યોની ભૂમિકા અગત્યની : શિક્ષણ મંત્રી

અમરેલી, તા. ૩૦

રાજયના શિક્ષણ મત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે અમરેલી જિલ્લાના ચલાલા મુકામે ગાયત્રી સંસ્કાર ધામ ખાતે જિલ્લા શિક્ષણ પરિવાર આયોજિત 'પરિણામ સુધારણા કાર્યક્રમ –૨૦૨૫'માં જિલ્લાની ગ્રાન્ટ ઈન એઈડ શાળાના આચાર્યોઓ સાથે સંવાદ કર્યો હતો.



અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાની ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓના આચાર્યઓને સંબોધતા શિક્ષણમંત્રીએ કહ્યુ કે, આપણી ગુરૂકુળ શિક્ષણ પ્રણાલીમાં આચાર્યોનું સ્થાન સર્વોચ્ચ હતું. રાષ્ટ્ર નિર્માણમાં આચાર્યઓની ભૂમિકા અગત્યની છે. નવી શિક્ષા પદ્ધતિમાં ગરૂકુળ શિક્ષા પ્રણાલીના મૂલ્યોને આવરી લેવામાં આવ્યા છે. ગુરૂકુળ શિક્ષણ વ્યવસ્થા થકી વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવાના પ્રેરણા મળી રહેતી. નવી શિક્ષણ પદ્ધતિ (એનઈપી)માં સ્કિલ બેઝ એજયુકેશનની વાત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન તળે દેશમાં દાખલ થયેલી આ શિક્ષણ પદ્ધતિમાં સર્વાંગી શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

આચાર્યઓ, શિક્ષકોના પ્રશ્નોના નિરાકરણ માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. આગામી ડિસેમ્બર માસ સુધીમાં રાજયમાં તબક્કાવાર ૨૪,૭૦૦ શિક્ષક સહિતના સંવર્ગોની ભરતી કરવાની રાજય સરકારની નેમ છે. યુવાનો માટે રોજગારીનું સર્જન થશે. વધુમાં ભરતી પ્રક્રિયા બાદ નીચેની જગ્યા ખાલી ન રહે તેની કાળજી રાખતા ઉપલા ક્રમેથી ભરતી કરવાની પદ્ધતિ લાગુ કરવામાં આવી છે. આ પ્રસંગે તેમણે શિષ્યવૃતિ અંતર્ગતની ઈ–કેવાયસી પ્રક્રિયા અંગે આચાર્યઓના પ્રશ્નોનું સકારાત્મક માર્ગદર્શન આપી નિરાકરણ કર્યુ હતું. તેમણે વહીવટી સંવર્ગની ભરતી સહિતના પ્રશ્નોની રજૂઆતો સાંભળી તેનું સત્વરે નિરાકરણ લાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.કાર્યક્રમના પ્રારંભે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ સમાજ વ્યવસ્થામાં શિક્ષકોના યોગદાન વિશે પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. શિક્ષક નિવૃત્ત થાય ત્યારબાદ પણ સમાજમાં તેમનું સ્થાન સન્માનીય રહે છે, તેમ તેમણે દ્રષ્ટાંતો આપીને જણાવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લાના આચાર્યો અને શિક્ષકોના વિવિધ સંગઠનો દ્વારા શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રીએ તેમનું સન્માન કરનાર વિવિધ સંગઠનોનો આભાર વ્યક્ત કર્યો હતો. રાજય સ્તરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ અને તજજ્ઞ શિક્ષકઓનું સન્માન શિક્ષણમંત્રીના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, ડાયટ પ્રાચાર્ય ચાંપાનેરીયા, વિવિધ સંઘના હોદ્દેદારઓ, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અગ્રણી જયંતિભાઈ પાનસુરીયા, મુકુંદભાઈ, ગાયત્રી સંસ્કાર ધામના સંચાલક રતિલાલ મહેતા, શ્રી મહેશભાઈ મહેતા, આચાર્યઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રકાશ જોશીએ કર્યુ હતું.

---

## અમરેલી ખાતે પોષણ માસની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૩૦

આજ રોજ પોષણ માસ–૨૦૨૪ અન્વયે આઈ.સી.એસ ઘટક–૧ અમરેલી માં કેન્દ્રનું નામ હુડકો આજ ની થીમ મુજબ ટીએચઆર વિતરણ તંદુરસ્ત આહાર પ્રથાઓ અંગે જાગૃતિ જેમાં ઝઈછ માંથી બનાવવામાં આવતી વાનગી વિશે તેમજ તેમાંથી મળતા પોષક તત્વો વિશે બાળકો, સગર્ભા અને ધાત્રી ને જિલ્લા માંથી આવેલ ડીપીએ દ્વારા સમજ આપેલ તેમજ આ કાર્યક્રમ માં એનએનએમ–બીસી અને પીએસઈ હાજર રહેલ.

---

## લીલીયામોટા : વિદ્યાર્થીઓને આપતિ સમયે શું કરવુ તેની સમજ અપાઈ



લીલીયા, તા. ૩૦

લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ખાતે આજે મામલતદાર જયરામભાઈ દેસાઈની ઉપસ્થિતીમાં N.D.R.F. ની કામગીરીથી ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીભાઈઓ બહેનોને વાકેફ કરવામાં આવેલ.

આ તકે N.D.R.F. ના જવાનો દ્વારા પુર, ભુકંપ, આગ, હાર્ટએટેક સહિતની જરૂરી માર્ગદર્શન અને તાલીમ આપી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય હસુભાઈ કરડે અહીં N.D.R.F. ની તાલીમ ટીમના સદસ્યોની કામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે તાજેતરમાં ભાવનગર નજીક આવેલ કોલીયાડ નિષ્કલંક મહાદેવ નજીક માલેશ્રી નદી દર્શનાર્થીઓ બસમાં ફસાવવાની ઘટના બની હતી. તેમાં અહીં આવેલ N.D.R.F. ટીમના જવાનોએ સફળ બચાવ કામગીરી કરી ૨૯ દર્શનાર્થીઓનો જીવ બચાવ્યો હતો. તે બદલ ખુમાણ પત્ર પણ આપવામાં આવેલ. આ તકે મોટી સંખ્યામાં સ્ટાફ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

---

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની રજુઆત

## અમરેલી : સીસીઈની પરીક્ષાનું પરિણામ પુન : જાહેર કરવા માંગ

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૩૦

અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, CCEની પ્રાથમિક પરીક્ષાનું ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા. ૧/૪/૨૦૨૪ થી તા. ૨૦/૫/૨૪ સુધી આયોજન કરવામાં આવેલ હતું. જગ્યાની જાહેરાતમાં કેટેગરી વાઈઝ સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે બોલાવવામાં આવશે. જે CCEની પરિક્ષાની નોટિફિકેશનના પેઈઝ નંબર ૨૫ પરના મુદા–૭માં જણાવેલ છે, પરંતુ તા. ૧૯/૧૯/૨૪ના રોજ પ્રસિધ્ધ થયેલ પરિણામમાં કુલ જગ્યાના સાત ગણા ઉમેદવારોને પાસ કરેલ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ સાત ગણા ઉમેદવારોની શરતનું પાલન થયેલ નથી. જેથી કરીને મોટાભાગના ઉમેદવારોને અન્યાય થયેલ છે. GPSC દ્વારા પણ કલાસ ૧/૨, તેમજ સુપર કલાસ – ૩ની પરીક્ષામાં કેટેગરીના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવે છે. જેથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ GPSC મુજબ CCEનું પ્રાથમિક પરીક્ષાનું પરિણામ ફરીથી જાહેર કરે કારણ કે પ્રાથમિક પરીક્ષા માત્ર એલિમિનેશન ટેસ્ટ હોય ખૂબ નજીવી સંખ્યમાં વિદ્યાર્થીઓ પાસ થયેલ છે જેથી મહતમ વિદ્યાર્થીઓને મુખ્ય પરીક્ષામાં બેસવા મળે.

સદર રજૂઆત અન્વયે યોગ્ય કાર્યવાહી કરવા જરૂરી સૂચના આપવા અંતમાં માંગ કરેલ છે.

---

### સ્વચ્છતા માટે સજાગ રહેવા લીધા શપથ

## રાજુલા જાફરાબાદના ઔદ્યોગિક વિસ્તારમાં સફાઈ અભિયાન

### પિપાવાવ પોર્ટ સહિતના સ્થળોએ સફાઈ હાથ ધરવામાં આવી

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન વેગવંતુ બન્યું છે. આજે ખાસ રાજુલા–જાફરાબાદ તાલુકામાં ઔદ્યોગિક વિસ્તારમાં સફાઈ હાથ ધરવામાં આવી હતી.



રાજુલામાં પીપાવાવ પોર્ટ તથા કોવાયા ખાતેની અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાં ઉપરાંત જાફરાબાદ તાલુકાની નર્મદા સિમેન્ટ કંપનીમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સાફ–સફાઈ કરવામાં આવી હતી. આ સાથે નાગરિકોએ સ્વચ્છતા માટે સજાગ રહેવા શપથ લીધા હતા.

રાજુલા જાફરાબાદ સબ ડિવિઝનમાં પ્રાંત અધિકારી ડો. મેહુલકુમાર બરાસરાના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા હી સેવા અભિયાનને સફળ બનાવવા માટે જરૂરી આયોજન કરવામાં આવ્યું છે, તે મુજબ સફાઈ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જાહેર સ્થળોએ સફાઈ ઉપરાંત સ્વચ્છતા માટે વ્યાપક જનજાગૃત્તિ કેળવાય તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

---

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા વીર શહીદ ભગતસિંહની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી







વીર શહીદ ભગતસિંહ એક ભારતીય ક્રાંતિકારી હતા જેમણે બ્રિટિશ શાસન સામે ભારતીય સ્વતંત્રતા ચળવળ માં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમનો જન્મ ૨૮ સપ્ટેમ્બર, ૧૯૦૭ના રોજ પંજાબ રાજયના બંગા શહેરમાં થયો હતો. અમરેલી તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ, જીલ્લા કક્ષા સ્પોટ સ્કૂલ તેમજ જ્ઞાન શકિત રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસીલેન્સના સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વીર ભગતસિંહને ફૂલહાર પહેરાવી યાદ કરવામાં આવ્યા, આ તકે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે ભારત તો વિરોની ભુમી કહેવાય છે કે, જેમાં આવા શહીદ વીરો તે સમયે પણ હતાં અને અત્યારે પણ છે જે દેશના નામે કાંઈ પણ કરવા માટે તૈયાર છે. પોતાની માતૃભુમિની રક્ષા માટે આજે પણ બોર્ડર પર રહીને તેની રક્ષા કરનાર યુવાનો છે, ભગતસિંહ કે જેમનું નામ લેતા જ આપણી અંદર એક પ્રકારનું જનુન આવી જાય છે એક સાચા દેશભકતની છબી આપણી સામે આવી જાય છે. વિદ્યાર્થીઓમાં દેશ ભકિતની સેવા ભાવના બની રહે. વીરતા અને સાહસના ગુણોનો વિદ્યાર્થીઓમાં વિકાસ થાય તેવી ભગતસિંહના ચરિત્રની જાણકારી આપવામાં આવી હતી.

## ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી અને ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં થયુ ભૂમિપૂજન

# ભૈ વાહ : સાવરકુંડલામાં ૧૯ કરોડનાં ખર્ચે "નલ સે જલ" યોજનાનો પ્રારંભ

**દાયકાઓથી બોરવેલ દ્વારા ૮૦૦ ફૂટ ઊંડેથી ફ્લોરાઈડયુક્ત પાણી પીવાની સમસ્યામાંથી શહેરીજનોનો છુટકારો થશે**

**શહેરનાં એક લાખ જેટલા શહેરીજનોને વર્ષો બાદ શુધ્ધ પીવાનું પાણી મળતું થશે**

**નર્મદા મૈયાનાં નીર શેલ દેદુમલ જળાશયમાં થઈને શહેર સુધી પહોંચતા કરી દેવાશે**

**શહેરને શુધ્ધ પીવાનું પાણી આપવાનો સંકલ્પ ધારાસભ્ય દ્વારા પૂર્ણ કરાશે**



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલામાં ૭ કિલો મીટર સુધી શેલ દેદુમલ ડેમમાંથી પાણી સાવરકુંડલા ફિલ્ટર પાણી પ્લાન્ટમાં નાખવામાં આવશે અને સાવરકુંડલાનાં તમામ વિસ્તારોમાં તેનું વિતરણ થશે. છેલ્લા ઘણા વર્ષોથી પાણીની મુખ્ય સમસ્યા હતી કે ૮૦૦ ફૂટે જમીનમાં નીચે પાણી છે તે પાણી પીવાલાયક ન હતું દારના કારણે વર્ષોથી રેગ્યુલર પાણી હોય કે ન હોય તેની સમસ્યા ખૂબ મોટા પાયે હતી. આનુ નિરાકરણ લાવવા માટે અને સાવરકુંડલાને એક જ ટાઈમે શુધ્ધ પાણી અને ફિલ્ટર પાણી મળી રહે. તમામ વોર્ડની અંદર પાણી અંડર ગ્રાઉન્ડ ટેન્ક અને પાણીના ટાંકા એમાં પાણી સ્ટોરેજ થઈ શકે અને શુધ્ધ પાણી મળી રહે તે અંતર્ગત સાવરકુંડલામાં શેલ દેદુમલ ડેમમાં નર્મદાના નીર આવશે અને તેમાંથી પાણી સાવરકુંડલા સુધી લાવવામાં આવશે. આ પ્રોજેકટ માટે મુખ્યમંત્રીને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રજૂઆતો કરી અને આજ રોજ રૂા. ૧૯ કરોડનું જેનું ખાતમુર્હુત કરવામાં આવ્યું. આ પ્રોજેકટની મુખ્ય વિશેષતાઓમાં ખાદી કાર્યાલય (માર્કેટિંગ યાર્ડ) વિસ્તાર ૮,૦૦,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતી અંડર ગ્રાઉન્ડ સંપ અને ૫,૦૦,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતી ૨૦ મીટર ઉંચી પાણીની ટાંકી, કુંડલા સ્મશાન તથા હાથસણી રોડ ૧૦,૦૦,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતી અંડર ગ્રાઉન્ડ સંપ અને ૫,૦૦,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતી ૨૦ મીટર ઉંચી પાણીની ટાંકી, હાથસણી શેલ દેદુમલ ડેમમાં નવા કૂવાનું નિર્માણ, શેલ દેદુમલ ડેમમાં કૂવાથી ડબલ્યુ ટીપી સાવરકુંડલા હાથસણી રોડ સુધી ૬૦૦ એમ.એમ. ડાયા મીટરની પાઈપલાઈન, ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક પીવીસી પાઈપલાઈન વર્ક કરવામાં આવશે. આ પ્રોજેકટથી સાવરકુંડલાના નાગરિકોને સતત અને પુરતો પાણી પુરવઠો મળશે. આ સાથે જ પાણીની ગુણવત્તામાં પણ સુધારો થશે.

આ ખાતમુર્હુત પ્રસંગે દિલીપભાઈ સંઘાણી ચેરમેન ઈફકો ન્યુ દિલ્હી અને એન.સી.યુ.આઈ. ન્યુદિલ્હી, મહેશભાઈ કસવાલા ધારાસભ્ય સાવરકુંડલા–લીલીયા, અશ્વિનભાઈ સાવલીયા ચેરમેન અમર ડેરી, ભાવનાબેન ગોંડલીયા ચેરમેન ભાગ્યલક્ષી મહિલા કો.ઓપ. સોસા. લી., જીવનભાઈ વેકરીયા પ્રમુખ તાલુકા ભાજપ, મેહુલભાઈ ત્રિવેદી પ્રમુખ નગરપાલિકા, અશોકભાઈ ચૌહાણ કારોબારી ચેરમેન, પ્રવિણભાઈ સાવજ પ્રમુખ શહેર ભાજપ, વિજયસિંહ વાઘેલા તેમજ રાજેશભાઈ નાગ્રેચા મહામંત્રી શહેર ભાજપ, જયંતીભાઈ પાનસુરીયા ચેરમેન અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, દિપકભાઈ માલાણી ચેરમેન એપીએમસી, પ્રતિકભાઈ નાકરાણી, હીરભાઈ ભરવાડ સહિતના નગરપાલિકાના સદસ્યો, ભાજપ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડૂતો, વિદ્યાર્થીઓ સહિત સૌ કોઈ પરેશાન

## સરંભડા ગામે ભારે વરસાદથી હાલરીયા તરફ જવાનાં માર્ગ ઉપરનો પુલ ધોવાયો

**હંગામી ધોરણે બનાવાયેલ પુલ ધોવાતા પરેશાની**

બાબાપુર, તા. ૩૦

અમરેલીનાં સરંભડા ગામની શેત્રુંજી નદીમાં પુલનું કામ શરૂ હોય થોડા દિવસો પહેલા ભારે વરસાદથી હંગામી ધોરણે બનાવાયેલ પુલનું ધોવાણ થતાં પુનઃ પુલ બનાવાયો તે પણ આજે પુનઃ ભારે વરસાદથી ધોવાઈ જતાં ખેડૂતોને સામાકાંઠે જવામાં તેમજ ગામજનોને હાલરીયા તરફ જવાનો માર્ગ બંધ થયો છે.

માર્ગ–મકાન વિભાગ ધ્વારા હંગામી પુલની મરામત મજબુતીથી કરવામાં આવે તેવી માંગ ગામજનો કરી રહ્યા છે.



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

## સાવરકુંડલામાં વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા સામાન્ય જ્ઞાન કસોટી યોજાઈ



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા આયોજીત સામાન્ય જ્ઞાન કસોટી ૨૦૨૪ કોલેજની ૨૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. કસોટીનો હેતુ વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે જાગ્રૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ સંયોજક તરીકે પ્રા.છાયાબેન શાહે ભૂમિકા ભજવી. પ્રિન્સિપાલ ચાવડા તમામ વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી. કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ વિદ્યાર્થીનીઓ તથા સ્ટાફનો સહયોગ મળ્યો.

### છેલ્લા એક વર્ષથી સતત ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી નહી

## લ્યો બોલો : બગસરા એસ.ટી. ડેપોનાં સંચાલક અધિકારી દ્વારા ધડાધડ જુના રૂટ બંધ કરી દેવાતા રોષ

**ધારાસભ્ય અને સાંસદ દરમિયાનગીરી કરે તે જરૂરી બન્યું**

બગસરા, તા. ૩૦

બગસરા એસ.ટી. ડેપોના અધિકારી દ્વારા પોતાની મનમાની કરી આવક ધરાવતી બસો બંધ કરવામાં આવતા મુસાફરોને હાલાકીની સામનો કરવો પડે છે. બગસરાથી રાજકોટ જતી સવારની ભરપૂર આવક ધરાવતી વર્ષો જૂની બસ બંધ કરવામાં આવતા અપડાઉન કરતા લોકો તેમજ અનેક મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે એટલું જ નહીં પરંતુ બગસરાથી રાજકોટ વાયા જેતપુર જતી તેમજ બગસરાથી જુનાગઢ તેમજ બગસરાથી વડિયા વાયા રાજકોટ જેવી ઘણી બસો પણ બંધ કરવામાં આવતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો છે. આ રૂટમાં આવતા અમુક ગામોમાંથી વિદ્યાર્થી પણ બહોળી સંખ્યામાં આવતા હોય છે તેવી બસો બંધ કરતા વિદ્યાર્થીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

જયારે આ બાબતે એક જાગૃત નાગરિક તેમજ પેસેન્જર દ્વારા ડેપો મેનેજર અને અમરેલી ડી.સી.ને અનેક વખત ફોન કરવા છતાં ફોનમાં પણ જવાબ આપતા ના હોવાથી મુસાફરોમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે. જયારે પેસેન્જર દ્વારા પેસેન્જર એસોસિયેશનને આ બાબતે રજૂઆત કરવામાં આવેલ હોવાથી પેસેન્જર એસોસિયેશન દ્વારા અધિકારીને ફોન કરવાથી તેમના કહેવા મુજબ ડ્રાઈવર ન હોવાના લીધે બસો બંધ કરવામાં આવી છે. જયારે એવું ના ચાલે એમ કહેવાથી અધિકારી દ્વારા કહેવામાં આવ્યું કે એવું લાગે તો કાલથી ચાલુ કરીદેવામાં આવશે.

તો જો વાસ્તવમાં જ ડ્રાઈવર ના હોય તો કાલે કેવી રીતે આ તમામ બસો ચાલુ કરશે એવા સવાલો પણ ઉઠી રહ્યાં છે અને પેસેન્જર દ્વારા તત્કાલ આ તમામ બંધ કરવામાં આવેલ રૂટો ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે અને અવાર નવાર બંધ કરતા રૂટોને કાયમી ધોરણે ચાલુ કરવા તેમજ અધિકારી દ્વારા કરતા મનફાવે તેવા વર્તન વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. અને જો આવી જ રીતે સારી આવક ધરાવતી અને વર્ષોથી ચાલતી બસો બંધ કરવામાં આવશે તો એસ.ટી. ડેપો ખાડે જાય તો કાંઈ નવું નહિ.

આ ઉપરાંત એસ.ટી. ડ્રાઈવર–કંડકટર ઉપર વ્હાલા દવલાની નીતિ પોતાના અંગત લાગતા વળગતાને મન ફાવે તેમ સારી સારી રૂટની નોકરી ફાળવવામાં આવે છે અને તેને એકધારા રૂટમાં જ ચલાવવામાં આવે છે જેથી ડ્રાઈવર–કંડકટરોમાં પણ ભારે નારાજગી જોવા મળી છે. ડેપો મેનેજરને કર્મચારીઓ દ્વારા અનેકવાર રજૂઆત કરેલ પરંતુ એટીઆઈ અને ડેપો મેનેજર પોતાની મનમાની ચલાવીને પોતાના અંગત સ્વાર્થ માટે અંગત માણસોને એકધારી એક રૂટમાં નોકરી આપી અને બીજા કર્મચારીઓને હેરાન કરે છે.








**બાબરામાં મકાન વેચવાનું છે**

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### રોકાણકારોને ૩.૭૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન

# શેર બજારમાં હાહાકાર, સેન્સેક્સ ૧૩૦૦, નિફ્ટી ૩૭૦ પોઈન્ટ તૂટ્યો

## સેન્સેક્સ ઘટાડા સાથે ૮૪,૨૯૯ અંક પર બંધ : બજારમાં સૌથી મોટી નફાખોરી બેન્કિંગ શેરોમાં જોવા મળી : નિફ્ટી બેન્ક પણ ૮૫૭ અંક ગગડીને બંધ થયો

મુંબઈ, તા.૩૦

સપ્ટેમ્બર ૨૦૨૪ના છેલ્લા વેપારી સત્રમાં શેર બજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો. આખા મહિના દરમિયાન બજારમાં રહેલા તેજીના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું છે. મહિનાના છેલ્લા સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી ઉંધે માથે પટકાયા છે. બેન્કિંગ ઓટો સેક્ટરના સ્ટોક અને શેર બજારની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોની ભારે ઘટાડાને કારણે બજારમાં આ ઘટાડો જોવા મળી છે. આજનો વેપાર પૂરો થતાં BSE સેન્સેક્સ ૧૨૭૨ અંકના ઘટાડા સાથે ૮૪,૨૯૯ અને નેશનલ સ્ટોક એકસચેન્જનો નિફ્ટી ૩૬૮ અંકના ઘટાડા સાથે ૨૫,૮૧૧ અંક પર બંધ થયો છે. શેર બજારમાં જોરદાર ઘટાડાને કારણે આજના સત્રમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ સ્ટોક્સનું માર્કેટ કેપ ઘટીને ૪૭૪.૨૫ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું છે જે અગાઉના સત્રમાં ૪૭૭.૯૩ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું હતું. એટલે કે આજના સેશનમાં રોકાણકારોને ૩.૬૮ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

બજારમાં સૌથી મોટી નફાખોરી બેન્કિંગ શેરોમાં જોવા મળી છે. નિફ્ટી બેંક પણ ૮૫૭ અંક ગગડીને બંધ થયો છે. આ ઉપરાંત ઓટો અને IT સ્ટોક્સમાં પણ ગિરાવટ રહી. ફાર્મા, FMCG, એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરોમાં પણ વેચવાલી રહી. માત્ર મેટલ્સ અને મીડિયા સ્ટોક્સ તેજી સાથે બંધ થયા. આજના ટ્રેડમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ગિરાવટ જોવા મળી છે. વિશ્લેષકો માને છે કે શેરબજારમાં ઘટાડાનું મુખ્ય કારણ વિદેશી રોકાણકારો દ્વારા ભારે વેચવાલી હતી. આજે શેરબજારમાં FIIએ જંગી નફો બુક કર્યો હતો. આ સિવાય આજે યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ નીતિગત વ્યાજ દરો પર ભાષણ આપશે. બજારના રોકાણકારોની નજર આજે મોડી રાત્રે તેમના ભાષણ પર છે.

એશિયન માર્કેટમાં જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં પણ ૪.૬૪% નો કડાકો બોલાઈ જતાં હાહાકારની સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૨.૨૩% વધ્યો હતો. બીજી બાજુ ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૫.૧૮%ના વધારા સાથે કારોબાર કરી રહ્યો છે. ૨૭ સપ્ટેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૩૩% વધીને ૪૨,૩૧૩ પર બંધ થયો હતો. Nasdaq ૦.૩૯% ઘટીને ૧૮,૧૧૯ પર આવી ગયો. S&P 500 પણ ૦.૧૩% ઘટીને ૫,૭૩૮ પર આવી ગયો. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII) એ ૨૭ સપ્ટેમ્બરે રૂ. ૧,૨૦૯.૧૦ કરોડના શેરનું વેચાણ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન સ્થાનિક રોકાણકારો (DII) એ રૂ. ૬,૮૮૬.૬૫ કરોડના શેર ખરીદ્યા હતા.

નોંધનીય રીતે, ફેડના અધિકારીઓનું એક જૂથ સમગ્ર સપ્તાહ દરમિયાન બોલવાનું સુનિશ્ચિત કરે છે, અને બજારો નાણાકીય નીતિની દિશા પરના સંકેતો પર નજીકથી નજર રાખે છે. આ સમય દરમિયાન, અમેરિકામાં જોબ ઓપનિંગ્સ, ખાનગી ભરતીઓની સંખ્યા એટલે કે રોજગાર તેમજ ઉત્પાદન અને સેવાઓ પરના ISM સર્વેક્ષણનો ડેટા બહાર પાડવામાં આવશે.

### ભારત તરફથી મદદ મળી શકી હોત : રક્ષામંત્રી

# રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાને આતંકવાદ છોડી દેવાની ઓફર આપી

## જો પાકિસ્તાનના ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રાખ્યા હોત તો તેને કટોરો લઈને આખી દુનિયામાં પૈસા માંગવાની જરૂર ન પડી હોત

બાંદીપોરા, તા.૩૦

રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાન પર નિશાન સાધતા કહ્યું કે પાકિસ્તાન પોતાની ધરતી પર આતંકવાદની ફેક્ટરીઓ ચલાવવા માટે બીજા દેશો પાસેથી પૈસા માંગે છે. બાંદીપોરા જિલ્લાના ગુરેઝ વિધાનસભા ક્ષેત્રમાં એક રેલીને સંબોધતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે જો પાકિસ્તાને ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા હોત તો ભારતે પાકિસ્તાનને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) પાસેથી માંગેલા પેકેજ કરતાં વધુ મોટું બેલઆઉટ પેકેજ આપ્યું હોત. રાજનાથ સિંહે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪-૧૫માં જમ્મુ-કાશ્મીરના વિકાસ માટે વિશેષ પેકેજની જાહેરાત કરી હતી, જે હવે તે ૯૦,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

રાજનાથ સિંહે કહ્યું કે આ રકમ પાકિસ્તાન દ્વારા IMF પાસેથી માંગવામાં આવેલા બેલઆઉટ પેકેજની રકમ કરતાં ઘણી વધારે છે. રાજનાથ સિંહે પૂર્વ પીએમ અટલ બિહારી વાજપેયીના પ્રખ્યાત નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો હતો કે સ્વઆપણે મિત્રો બદલી શકીએ છીએ, પરંતુ પાડોશી બદલી શકતા નથી. રાજનાથ સિંહે કહ્યું, મેં કહ્યું, મારા પાકિસ્તાની મિત્રો, અમારી વચ્ચે તણાવપૂર્ણ સંબંધો કેમ છે, અમે પડોશી છીએ. જો અમારા સંબંધો સારા હોત તો અમે IMF કરતાં વધુ પૈસા આપ્યા હોત. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે પાકિસ્તાન લાંબા સમયથી આર્થિક મદદનો દુરુપયોગ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે તે પોતાની ધરતી પર આતંકવાદની ફેક્ટરી ચલાવવા માટે અન્ય દેશો પાસેથી પૈસા માંગે છે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન પર ૧૩૦ અબજ ડોલરનું દેવું છે. IMFએ તેને માત્ર ૭ અબજ ડોલરનું બેલઆઉટ પેકેજ આપ્યું છે. પાકિસ્તાને IMFની કેટલીક કડક શરતો સ્વીકારવી પડશે.

માનવતા, લોકશાહી અને કાશ્મીરિયત પુનઃસ્થાપિત થશે સંરક્ષણ મંત્રીએ કહ્યું કે જ્યારે ખીણમાં 'માનવતા, લોકશાહી અને કાશ્મીરિયત પુનઃસ્થાપિત કરવાનું વાજપેયીનું સ્વપ્ન સાકાર થશે, ત્યારે કાશ્મીર ફરીથી પૃથ્વી પર સ્વર્ગ બની જશે. સિંહે કહ્યું કે ભારત વિરુદ્ધ આતંકવાદનો ઉપયોગ કરી રહેલા પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો પર અલગ પડી ગયું છે અને તેના કેટલાક વિશ્વાસુ સહયોગીઓ પણ પીછેહઠ કરી રહ્યા છે. અમે જ્યારે પણ આતંકવાદની તપાસ કરી છે ત્યારે અમને પાકિસ્તાન સામેલ હોવાનું જણાયું છે. અમારી સરકારોએ સતત પાકિસ્તાનને સમજાવવાનો પ્રયાસ કર્યો કે તેણે આતંકવાદી કેમ્પો બંધ કરી દેવા જોઈએ, પરંતુ કોઈ ફાયદો થયો નથી. કલમ ૩૭૦ નાબૂદ થવાથી પાકિસ્તાન હતાશ છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી, પાકિસ્તાન ભયાવહ છે અને આતંકવાદને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેઓ નથી ઈચ્છતા કે લોકશાહી અહીં મૂળિયા ઉખેડે. પરંતુ ભારત એટલું મજબૂત છે કે તે તેની જ ધરતી પર પાકિસ્તાન સાથે સ્પર્ધા કરી શકે છે. તેમણે કહ્યું કે જો પાકિસ્તાનમાં કોઈ ભારત પર હુમલો કરે છે તો અમે તેનો જવાબ આપી શકીએ છીએ.

### તિરુપતિ લાડુમાં ચરબી અંગેના વિવાદમાં સુપ્રીમ લાલઘૂમ

# આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ભગવાનને રાજકારણથી દૂર રાખવાની જરૂર : સુપ્રીમ

## કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં ચંદ્રબાબુ નાયડુએ કરેલા આરોપોની કોર્ટની નજર હેઠળ તપાસની માંગ

નવી દિલ્હી, તા.૩૦

તિરુપતિ લાડુમાં ચરબી અંગેના વિવાદમાં સુપ્રીમ કોર્ટ બરાબરની લાલઘૂમ થઈ. સુપ્રીમ કોર્ટના જજોએ કહ્યું કે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ભગવાનને રાજકારણથી દૂર રાખવાની જરૂર હતી. જો પ્રસાદીમાં ભેળસેળનો રિપોર્ટ બે મહિના અગાઉ આવી ગયો હતો તો નિવેદન જાહેર કરવામાં વિલંબ કેમ કર્યો?

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બી.આર.ગઈ અને જસ્ટિસ કે.વી.વિશ્વનાથની બેન્ચે સુનાવણી વખતે કહ્યું કે પ્રસાદ ત્યારે કહેવાય છે જ્યારે તેને ભગવાનને ચઢાવી દેવામાં આવે છે. એના પહેલા તો તે મીઠાઈ જ હોય છે. એટલા માટે ભગવાન-ભક્તોનો હવાલો ન આપશો. ભગવાનને રાજકારણથી દૂર રાખજો. જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ કે.વી.વિશ્વનાથનની બેંચ સમક્ષ સુબ્રમણ્યમ સ્વામીના વકીલે કહ્યું કે પ્રસાદ બનાવવા માટે વપરાતી સામગ્રી તપાસ્યા વિના રસોડામાં જઈ રહી હતી. તપાસમાં આ અંગે ખુલાસો થયો છે. તેના પર નજર રાખવાની જવાબદારી તંત્રની હોય કારણ કે સિસ્ટમ તેની દેખરેખ માટે જવાબદાર હોવી જોઈએ કારણ કે પ્રસાદ દેવતાને અર્પણ થાય છે અને જનતા અને ભક્તો માટે તે સૌથી પવિત્ર ગણાય છે.

કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ દ્વારા કરાયેલા આરોપોની કોર્ટની નજર હેઠળ તપાસની માંગ કરવામાં આવી છે. અરજદારોનો દાવો છે કે તિરુપતિ મંદિરમાં લાડુ બનાવવામાં પ્રાણીઓની ચરબી અને માછલીના તેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દરમિયાન લાડુમાં વપરાતા પ્રસાદમ અને ઘીની ગુણવત્તા ચકાસવા માટે રાજ્ય સરકારની એક સોસાયટી તિરુપતિમાં છે.

તિરુપતિ મંદિરના બોર્ડ વતી વરિષ્ઠ એડવોકેટ સિદ્ધાર્થ અને આંધ્ર પ્રદેશ રાજ્ય વતી વરિષ્ઠ એડવોકેટ એડવોકેટ મુકુલ રોહતગી હાજર રહ્યા હતા. જસ્ટિસ બીઆર ગવઈએ આંધ્ર પ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, "જ્યારે તમે બંધારણીય પદ સંભાળો છો, ત્યારે તમારી પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ભગવાનને રાજકારણથી દૂર રાખવામાં આવે." કોર્ટે રોહતગીને એમ પણ પૂછ્યું કે, "તમે SIT માટે આદેશ આપ્યો હતો, પરિણામ આવે ત્યાં સુધી પ્રેસમાં જવાની શું જરૂર હતી? તમે હંમેશા આવા મામલાઓમાં હાજર રહ્યા છો, આ બીજી વખત છે." ચંદ્રાબાબુ નાયડુ સરકાર વતી રોહતગીએ દલીલ કરી હતી કે આ 'સાચી અરજીઓ નથી'. અગાઉની સરકાર દ્વારા વર્તમાન સરકાર પર પ્રહાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### છૂટાછેડા હવે યુગલોમાં સામાન્ય બાબત બની ગઈ છે

# છૂટાછેડા માટે આવેલા યુગલને જજે ખુશ કરીને પરત મોકલ્યા

## છૂટાછેડા પર અડગ રહેતા યુગલો સામાન્ય રીતે કોઈનું સાંભળતા નથી, પરંતુ જજ નીલિમા સિંહે શક્ય કરી બતાવ્યું

રાયપુર, તા.૩૦

છૂટાછેડા હવે યુગલોમાં સામાન્ય બાબત બની ગઈ છે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના તમામ દેશોમાં છૂટાછેડાના કેસ ઝડપથી વધી રહ્યા છે. લગ્નના થોડા વર્ષો પછી લોકો અલગ થવાનું નક્કી કરે છે. છૂટાછેડા બે પરિવારોના જીવનને પણ અસર કરે છે. ખાસ કરીને બાળકોની માનસિક સ્થિતિ પર તેની ખરાબ અસર જોવા મળે છે. જોકે, છત્તીસગઢની એક કોર્ટમાંથી એવા સમાચાર સામે આવ્યા છે જે છૂટાછેડા કેવા માંગતા લોકો આ સમાચાર મહત્વપૂર્ણ છે. છત્તીસગઢની બેમેટારા ફેમિલી કોર્ટમાં આ દિવસોમાં અજીબ માહોલ છે. છૂટાછેડા માટે આવેલા મોટા ભાગના યુગલો સાથે રહેવાની પ્રતિજ્ઞા લઈને પરત ફરી રહ્યા છે.બેમેટારાની ફેમિલી કોર્ટમાં મહિલા જજ નીલિમા સિંહે આ ચમત્કાર કરી બતાવ્યો છે. તેણે ઘણા યુગલોને ફરીથી સાથે રહેવા માટે સમજાવ્યા છે. છૂટાછેડા પર અડગ રહેતા યુગલો સામાન્ય રીતે કોઈનું સાંભળતા નથી, પરંતુ જજ નીલિમા સિંહે અશક્યને પણ શક્ય કરી બતાવ્યું છે. છત્તીસગઢમાં જજ નીલિમા સિંહ બઘેલે પોતાની અનોખી પહેલથી છૂટાછેડા માટે આવેલા ૫૦થી વધુ યુગલોને સાથે રહેવા માટે રાજી કર્યા છે. ૨૧મી સપ્ટેમ્બરે યોજાયેલી લોક અદાલતમાં તેમણે એક ડઝન કેસનું નિરાકરણ કર્યું છે. આટલા બધા કેસ ઉકેલવા તેમણે લગ્ન સમયે અને ખાસ કરીને ફેરાના સમયે કોર્ટરૂમમાં જપવામાં આવતા સાત મંત્રોના ઉચ્ચારણ અને તેનો અર્થ પણ સમજાવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં જજ નીલિમા સિંહ બઘેલના ખૂબ વખાણ થઈ રહ્યા છે.લગ્ન સમયે, પતિ-પત્ની અગ્નિની આસપાસ પ્રદક્ષિણા કરતી વખતે ૭ વ્રત લે છે. આને સપ્તપદી કહે છે. સામાન્ય રીતે સંસ્કૃતમાં લગ્નના ૭ વચન છે. પરંતુ ન્યાયાધીશ નીલિમા સિંહે તેમનો હિન્દીમાં અનુવાદ કરીને તેમને ઓફિસમાં ગોઠવી દીધા છે. આ ઉપરાંત તેની પાસે સપ્તપદીની ફોટોકોપી પણ છે, જે તે યુગલોને વાંચવા માટે આપે છે. ૫૮ વર્ષની મહિલા ઘણા વર્ષોથી તેના પતિ સાથે એક જ રૂમમાં રહેતી ન હતી. બંનેના લગ્નને ૪૦ વર્ષ થઈ ગયા છે, પરંતુ મહિલા એક જ ઘરના અલગ રૂમમાં રહે છે. હવે તેમના જીવનના અંતિમ તબક્કે બંનેએ અલગ થવાનો નિર્ણય કર્યો અને કોર્ટમાં છૂટાછેડાની અરજી કરી. ફેમિલી કોર્ટમાં સુનાવણી દરમિયાન જજ નીલિમા સિંહે બંને યુગલોને ૭ પ્રતિજ્ઞાઓનું પુનરાવર્તન કરવાનું કહ્યું હતું. આ વાંચીને બંને યુગલો ભાવુક થઈ ગયા અને છૂટાછેડા લેવાની ના પાડી દીધી હતી અને ત્યાંથી ખુશી ખુશી ઘરે પરત ગયા હતા.લગ્ન બચાવવા માટે ઘણા ઉપાયો કરવામાં આવે છે, આ બધા હોવા છતાં, મોટાભાગના કિસ્સાઓમાં વિવાદો ઉભા થાય છે. ફેમિલી કોર્ટમાં પહોંચતા ૯૦% થી વધુ કેસ છૂટાછેડામાં પરિણમે છે. આ હોવા છતાં, છૂટાછેડાની ટકાવારી ઘટાડવા માટે કેટલાક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બેમેટરા ફેમિલી કોર્ટના જજ નીલિમા સિંહ બઘેલે આ કામમાં મહત્વની ભૂમિકા ભજવી છે. પરિવારને બચાવવા અને ભારતીય લગ્નની માન્યતા જાળવવા માટે કોર્ટરૂમમાં તેમનું કાર્ય હંમેશા લોકોને પસંદ આવે છે.

### નિવેદન આપીને મોટા સંકેત આપ્યા

# ચિરાગ પાસવાન એનડીએને મોટો ઝટકો આપવાની તૈયારીમાં!

## પાસવાને કહ્યું કે પાર્ટી ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગઈ છે અને જલ્દી તેના ઉમેદવારોના નામોની જાહેરાત કરશે

પટણા, તા.૩૦

કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના અધ્યક્ષ તથા કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને કહ્યું કે તેમની પાર્ટી ઝારખંડ વિધાનસભા ચૂંટણી લડશે અને ગઠબંધનમાં કે એકલા ચૂંટણી લડવા સહિત તમામ વિકલ્પો પર વિચાર વિમર્શ કરવામાં આવી રહ્યો છે. ચિરાગે આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે એક દિવસ પહેલા આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ શનિવાર, ૨૮ સપ્ટેમ્બરે જાહેરાત કરી હતી કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ઝારખંડમાં આગામી વિધાનસભા ચૂંટણી રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ના ઘટક પક્ષો 'ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન' (આજસુ) અને જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) સાથે મળીને લડશે. કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રીએ ધનબાદ જતા સમયે રાંચીના બિરસા મુંડા હવાઈ મથકે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, "લોજપાની પ્રદેશ એકમ ગઠબંધન કે એકલા ચૂંટણી લડવા સહિત તમામ વિકલ્પો પર વિચાર વિમર્શ કરી રહી છે." લોજપા (રામવિલાસ) કેન્દ્રમાં ભાજપ નીત એનડીએ સરકારનો ભાગ છે.

તેમણે કહ્યું કે ઝારખંડમાં પાર્ટીનો મજબૂત જનાધાર છે. ચિરાગે કહ્યું, "જ્યારે મારો જન્મ થયો, ત્યારે ઝારખંડ એકીકૃત બિહારનો ભાગ હતો. આ મારા પિતાની કર્મભૂમિ રહી છે. પાર્ટીએ રાજ્યમાં મજબૂત જનાધાર બનાવ્યો છે. આ સ્થિતિમાં એ નિર્ણય લેવામાં આવ્યો છે કે પાર્ટી આગામી વિધાનસભા ચૂંટણી લડશે."
કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને ધનબાદમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે પાર્ટી ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગઈ છે અને જલ્દી જ તેના ઉમેદવારોના નામોની જાહેરાત કરશે. આસામના મુખ્યમંત્રીએ શનિવારે કહ્યું હતું, "ભાજપ, આજસુ અને જદ(યુ) સાથે મળીને ઝારખંડ ચૂંટણી લડશે. સહયોગીઓ સાથે ૯૯ ટકા બેઠકો પર સહમતિ બની ગઈ છે. બાકીની એક કે બે બેઠકો માટે વાતચીત ચાલુ છે અને આ પર જલ્દી જ નિર્ણય લેવામાં આવશે."હિમંત બિસ્વા સરમાએ કહ્યું કે આ સંબંધમાં ઔપચારિક જાહેરાત 'પિતૃ પક્ષ' પછી કરવામાં આવશે જે બે ઓક્ટોબરે સમાપ્ત થઈ રહ્યો છે. ધનબાદના નેહરુ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડમાં એક રેલીને સંબોધિત કરતા ચિરાગે કહ્યું, "મેં પહેલી વાર જોયું છે કે ઝારખંડમાં કોઈ મુખ્યમંત્રીને ભ્રષ્ટાચારના આરોપમાં જેલ જવું પડ્યું છે." તેમણે દાવો કર્યો કે ઝારખંડના યુવાનો અને વિદ્યાર્થીઓને વધુ સારા અવસરો માટે દેશના અન્ય ભાગોમાં સ્થળાંતર કરવું પડે છે. ચિરાગે કહ્યું કે આગામી ચૂંટણી જાતિ, પંથ કે ધર્મની લડાઈ નથી, પરંતુ વિકસિત ઝારખંડની લડાઈ છે.

### આ સાથે જ ૪૨ લોકો ગુમ થયાના અહેવાલો છે

# નેપાળમાં વરસાદ બાદ પૂર અને ભૂસ્ખલનથી કુલ ૧૭૦ના મોત

## પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ વેલીમાં આટલા વિનાશક પૂરની તબાહી ક્યારેય જોઈ નથી

કાઠમંડુ, તા. ૩૦

ભારતના પાડોશી દેશ નેપાળમાં વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૧૭૦ પર પહોંચી ગઈ છે. આ સાથે જ ૪૨ લોકો ગુમ થયાના અહેવાલો છે. અધિકારીઓએ જણાવ્યું કે, પૂર્વી અને મધ્ય નેપાળના મોટા ભાગો શુક્રવારથી ડૂબી ગયા છે અને દેશના ઘણા ભાગોમાં અચાનક પૂરના અહેવાલો છે. પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, તેઓએ ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ વેલીમાં આટલા વિનાશક પૂર અને પાણીની તબાહી ક્યારેય જોઈ નથી.ગૃહ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર પૂર, ભૂસ્ખલન અને પાણીમાં ડૂબી જવાને કારણે ૪૨ લોકો ગુમ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તા ઋષિરામ પોખરેલે જણાવ્યું કે, ''પૂર સંબંધિત ઘટનાઓમાં ૧૧૧ લોકો ઘાયલ થયા છે. તમામ સુરક્ષા એજન્સીઓની મદદથી સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. નેપાળ સેનાએ દેશભરમાંથી ૧૬૨ લોકોને એરલિફ્ટ કર્યા છે. નેપાળ આર્મી, નેપાળ પોલીસ અને સશસ્ત્ર પોલીસ દળના જવાનો દ્વારા પૂર અને જળબંબાકારથી પ્રભાવિત ૪,૦૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે.''અધિકારીઓએ જણાવ્યું કે, બચાવી લેવામાં આવેલા લોકોને ખાદ્ય સામગ્રી સહિત તમામ જરૂરી રાહત સામગ્રી આપવામાં આવી છે. પ્રવક્તાએ કહ્યું કે, કાઠમંડુની બહારના બલ્ખુ વિસ્તારમાં સામાજિક કાર્યકરોની મદદથી ૪૦૦ લોકોને ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું.નેશનલ હાઈવે શનિવારથી બ્લોક થઈ ગયો છે, ભૂસ્ખલનને કારણે સેંકડો લોકો ઘણા હાઈવે પર ફસાયેલા છે. પૂર અને ભૂસ્ખલનને કારણે જ્યાં રસ્તાઓ અવરોધિત છે તે રાષ્ટ્રીય ધોરીમાર્ગોને ખાલી કરવાના પ્રયાસો ચાલુ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તા પોખરેલે જણાવ્યું હતું કે, કાઠમંડુને અન્ય જિલ્લાઓ સાથે જોડતો મુખ્ય જમીન માર્ગ ત્રિભુવન હાઈવે પર પરિવહન ફરી શરૂ થયું છે.પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, તેઓએ ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ ખીણમાં આટલા વિનાશક પૂર અને પાણીની તબાહી ક્યારેય જોઈ નથી. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ (ICIMOD)ના આબોહવા અને પર્યાવરણ નિષ્ણાત અરુણ ભક્ત શ્રેષ્ઠે જણાવ્યું હતું કે, ''મેં કાઠમંડુમાં આટલા પ્રમાણમાં પૂર પહેલાં ક્યારેય જોયું નથી.''એક ICIMOD અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કાઠમંડુની મુખ્ય નદી બાગમતી, શુક્રવાર અને શનિવારે પૂર્વી અને મધ્ય નેપાળના મોટાભાગના ભાગોમાં સતત વરસાદ પડ્યા બાદ ભયના સ્તરથી ઉપર વહી રહી છે. બંગાળની ખાડીમાં નીચા દબાણની સિસ્ટમ અને ચોમાસાની રેખા સામાન્ય કરતાં વધુ ઉત્તર તરફ હોવાના કારણે શનિવારના અસાધારણ ભારે વરસાદનું કારણ છે.

### હરિયાણા કોંગ્રેસમાં જૂથવાદ ખતમ!

# કુમારી શૈલજા અને ભૂપેન્દ્ર હુડ્ડાએ હાથ મિલાવ્યા

ચંદીગઢ, તા.૩૦

હરિયાણામાં પહેલા તબક્કાના મતદાન પહેલા રાજકીય માહોલ ગરમાયો છે. આજે (૩૦મી સપ્ટેમ્બર) મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હરિયાણામાં વિશાળ રેલી યોજી હતી. જ્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ પણ સંયુક્ત રેલી યોજી હતી. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની વિજય સંકલ્પ રેલી દરમિયાન એક રસપ્રદ દ્રશ્ય જોવા મળ્યો હતા. કોંગ્રેસમાં હાલ ભૂપેન્દ્રસિંહ હુડ્ડા અને કુમારી શૈલજા વચ્ચે અનબન ચાલી રહી છે. બંને નેતાઓ સીએમ પદને લઈને કોઈપણ પ્રકારની સમજૂતી કરવા માંગતા નથી. આ દરમિયાન આજે અલગ જ ચિત્ર જોવા મળ્યું હતું.

હરિયાણાના નારાયણગઢ રેલી પૂર્ણ થયા બાદ તમામ નેતાઓએ એકસાથે હાથ ઊંચા કરીને જનતાનું અભિવાદન કર્યું હતું. આ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની એક તરફ કુમારી શૈલજા અને બીજી તરફ ભૂપિંદર સિંહ હુડ્ડા ઊભા હતા. ત્યારબાદ રાહુલ ગાંધી પાછળ હટી ગયા અને બંને નેતાઓ સાથે હાથ મિલાવ્યો હતો. આ દરમિયાન લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ પાર્ટીએ શનિવારે (૨૮મી સપ્ટેમ્બર) સવારે ચંડીગઢમાં પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. આ કાર્યક્રમમાં કુમારી શૈલજા ઉપરાંત રણદીપ સુરજેવાલાએ અંતર જાળવી રાખ્યું હતું. ચૂંટણી ઢંઢેરાના કાર્યક્રમ દ્વારા ફરી એકવાર કોંગ્રેસની

### સુપ્રીમ કોર્ટે કહ્યું યથાસ્થિતિ જાળવો

# સુપ્રીમના આદેશ છતાં બુલડોઝર ફેરવતી ભાજપ સરકારને નોટિસ

## આસામના સોનાપુરમાં બુલડોઝર કાર્યવાહી વિરુદ્ધ અવમાનના અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમની નોટિસ

નવી દિલ્હી, તા.૩૦

બુલડોઝર કાર્યવાહી પર એક વખત ફરી સુપ્રીમ કોર્ટે આકરું વલણ અપનાવ્યું છે. આસામના સોનાપુરમાં બુલડોઝર કાર્યવાહી વિરુદ્ધ અવમાનના અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી છે. હવે આ મામલે ૩ અઠવાડિયા બાદ આગામી સુનાવણી થશે. કોર્ટે હાલ યથાસ્થિતિ જાળવી રાખવા માટે કહ્યું છે.

આસામ સરકારે આદિવાસી જમીન પર ગેરકાયદે દબાણ ગણાવતાં બુલડોઝર કાર્યવાહી કરી છે. જે બાદ ફારુક અહમદ સહિત ૪૮ અરજદારે તેને સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન ગણાવતાં કોર્ટમાં અરજી દાખલ કરી. ૧૭ સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશમાં બુલડોઝર એક્શન ૧ ઓક્ટોબર સુધી રોકવાનો આદેશ આપ્યો હતો.
૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪એ જમીયતની અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ગેરકાયદે નિર્માણ સિવાય અન્ય મામલામાં બુલડોઝર એક્શન પર રોક લગાવી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે માર્ગ, ફૂટપાથ કે રેલવે લાઈન પર કરવામાં આવેલું ગેરકાયદે નિર્માણ પર આ આદેશ લાગુ થશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે તે તમામ પક્ષોને સાંભળીને બુલડોઝર કાર્યવાહીને લઈને સમગ્ર દેશમાં લાગુ થનારા દિશા-નિર્દેશ બનાવશે. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે આ આદેશ અલગ-અલગ રાજ્ય સરકારો તરફથી દંડાત્મક ઉપાય તરીકે આરોપી વ્યક્તિઓની ઈમારતોને ધ્વસ્ત કરવાની કાર્યવાહી વિરુદ્ધ લાગેલી અરજી પર આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આદેશ આપતાં કહ્યું હતું કે '૧ ઓક્ટોબર સુધી અમારી પરવાનગી વિના દેશમાં ક્યાંય પણ બુલડોઝર એક્શન થશે નહીં.' અરજદાર જમીયત ઉલેમા-એ-હિંદ તરફથી સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજીમાં કહેવામાં આવ્યું છે કે ભાજપ શાસિત રાજ્યોમાં મુસ્લિમોને નિશાન બનાવીને બુલડોઝર એક્શન લેવામાં આવી રહ્યું છે. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટના આદેશ પર વાંધો વ્યક્ત કરતાં કહ્યું કે 'અધિકારીઓના હાથ આ રીતે બાંધી શકાય નહીં.'

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનની મુલાકાત શિક્ષણ મંત્રી ડો.કુબેર ડિંડોર






ગુજરાત સરકારનાં કેબિનેટ શિક્ષણ મંત્રી ડો.કુબેર ડિંડોર અમરેલી જિલ્લાનાં પ્રવાસે હતા ત્યારે તમેણે શ્રીજી વિદ્યાર્થી ભુવનની શુભેચ્છા મુલાકાત કરીને સાંજનું ભોજન કરેલ. શાળા અને છાત્રાલય પરિવાર વતી સંચાલક દંપતી દીપક વઘાસીયા અને વિલાસ વઘાસીયા સ્મૃતિચિન્હ દ્વારા તેમનું સ્વાગત અભિવાદન કરેલ. શાળા અને છાત્રાલયની ગુરૂકુળ પરંપરાની શૈક્ષણિક પ્રવૃતિઓથી તેઓ પ્રભાવિત થયેલ અને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી રાજીપો વ્યકત કરેલ. શિક્ષણ મંત્રીની શુભેચ્છા મુલાકાત દરમ્યાન જિલ્લા ભાજપનાં મહામંત્રી મેહુલ ધોરાજીયા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ડો.કાનાબાર એફઆરસી સભ્ય મુકુંદભાઈ મહેતા, ડીઈઓ ગોહીલ, સહીત અમરેલી શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનાં સંચાલકો અને શિક્ષકો પણ જોડાયા હતા અને મંત્રી સાથે શિક્ષણ સંબંધિત તંદુરસ્ત ચર્ચા સાથે સૂચનો કરેલ.

### ૧ ઓક્ટોબર, ''વિશ્વ વૃદ્ધ દિવસ''

## કંઈક ખૂટયું હતું લાગણીમાં એટલે જ આમ હું તરછોડાયો છું, એક ઊંડો નિસાસો નાખી હું ઘડપણથી ગભરાયો છું.

અમરેલી, તા. ૩૦

દર વર્ષે ૧ ઓકટોબરે ''વિ વૃદ્ધ દિવસ'' તરીકે ઊજવવામાંઆવે છે. આ દિવસ મુખ્યત્વે સમાજમાં રહેતા વરિષ્ઠ નાગરિકોનો મહત્વ સમજાવવામાં માટે ઘડવામાં આવ્યો છે. ખાસ કરીને આ દિવસનું મહત્વ વૃદ્ધ લોકોને જે તકલીફો થતી હોય છે તે દર્શાવવા માટે અને તેનાં ઉકેલનો પ્રયત્ન કરવા માટેનો છે. આજે આપણા સમાજમાં લોકો પશુ, પક્ષીઓને પોતાનાં ઘરમાં રાખે છે પણ પોતાના જ વૃદ્ધ માતાપિતાને વૃદ્ધાશ્રમમાં રહેવાની ફરજ પાડે છે. પશુ પક્ષીઓને પ્રેમ આપવો એ વાત ખરાબ નથી જ પંરતુ નવાઈ એ વાતની છે કે જે માણસ પારકા પશુ પક્ષીઓને પણ પ્રેમ, લાગણી અને એમને જરૂરી હુંફ આપી શકતા હોય તો એ પોતાના સગા માતા પિતાને સાચવવામાં કેમ અચકાય છે ! આશ્રમો અને આશ્રયો બંધાવનારને આશ્રયસ્થાન શોધવું પડે છે ! અરે દીકરો કે દીકરી લાડ ન લડાવે તો કઈ નહી પણ માવતરને રોડવી લેવાનું ટાળે એ તો કમનસીબી જ છે. મોટી ઉંમરની વ્યકિતઓને શારીરિકથી લઈને માનસિક રીતે પણ ઘણા પ્રશ્નો હોય છે તે સામાન્ય બાબત છે, પરંતુ એવા



પ્રશ્નોને લીધે પોતાના જ માતા પિતાને દુર હડસેલી દેવા એ કેટલે અંશે યોગ્ય છે? શું દરેક વ્યક્તિને જીવનમાં વૃદ્ધાવસ્થા નથી આવતી? બાળક કાયમ બાળક, યુવા કાયમ યુવા અને વૃદ્ધ કાયમી વૃદ્ધ જ રહે છે? ના એવું જરા પણ નથી છતાં કાળની ગતિને સમજવામાં કેટલાક થાપ ખાઈ જાય છે. મોટી ઉંમરનાં લોકો શારીરિક શ્રમવાળા કોઈ કાર્ય ન કરી શકે, એ દેશના યુવાધનની જેમ દેશને આવકરળી નથી આપતા પરંતુ એ જે કાર્ય કરે છે એ અતિ મહત્વનું છે. એ દેશના યુવાધનને માર્ગદર્શન આપે છે. સમયે સમયે એમને જરૂરી પ્રેમ, હુંફ અને સંસ્કાર આપે છે. યુવા એમનાં હાથ નીચે જ તૈયાર થાય છે અને જીવનમાં સાચા ખોટાની સમજ કેળવવામાં સક્ષમ બને છે. પોતાના વડીલો પાસેથી લીધેલું જ્ઞાન વ્યકિત જીવનમાં ઉતારે છે અને એ દ્વારા અંતે તો દેશનો જ ઉદ્ધાર થાય છે, માટે દેશમાં જેટલો આવકરળી આપતો વર્ગ કામનો છે એટલા જ વૃદ્ધ લોકો પણ જરૂરી છે. વળી, ઘણી વખત તો મોટી ઉંમરે પણ મજુરી કામ કરતાં લોકો કે ફકત સમય પસાર કરવા માટે નાનું મોટું કામ કરતા વડીલો પણ પોતાનું ગુજરાન ચલાવી શકાય તેટલું કમાઈ લેતા હોય છે.

એવું નથી હોતું કે દર વખતે સંતાનોની જ ભૂલ હોય, ઘણી વખત વડીલો સંતાનોનાં જીવનમાં જરૂર કરતા વધુ દખલગીરી પણ કરતાં હોય અને યેનકેન પ્રકારેણ બાળકોને માનસિક ત્રાંસ પણ આપતા હોય છે. વડીલોએ પણ સમજવું જોઈએ કે આ નવી ટેકનોલોજીમાં જીવીને પળે પળે બદલાતી ફેશનોમાં રચ્યા પચ્યા રહેતા જીવોને એમની રીતે જીવવા દેવું જોઈએ અને જીવનની અંત ઘડીએ 'હવે મારે શું છે ?', 'હું તો હજુ કેટલું જીવવાનો કે જીવવાની ?',

'હવે મારે કોઈ શોખ ન રખાય', 'મારૂ જીવતર કેટલું કે હું નવા કપડાં સીવડાવું વગેરે જેવી બાબતો વિચાર્યા વગર જીવનની વધેલી ક્ષણોમાં પોતાના શોખ પૂરા કરીને, શાસ્ત્રો વાંચીને, પૂજાપાઠ કરીને કે પછી કોઈ પણ ગમતું કાર્ય કે સેવા કાર્યો કરીને પૂર્ણપણે જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. કંઈક ખૂટયું હતું લાગણીમાં એટલે જ આમ હું તરછોડાયો છું, એક ઊંડો નિસાસો નાખી હું ઘડપણથી ગભરાયો છું.

## લીલીયામાં એસ.એસ.આઈ.પી અંતર્ગત સેમીનારનું આયોજન કરાયુ

અમરેલી, તા. ૩૦

સરકારી વિનયન અને વાણિજય કોલેજ લીલીયામાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) અંતર્ગત તા.૨૮/૦૯/૨૦૨૪નાં રોજ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ.રાઠોડ (GES કલાસ–૧ (CB))ના માર્ગદર્શન અને નેતૃત્વમાં એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું સરકાર દ્વારા વિનયન વાણિજય અને વિજ્ઞાન શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે અને પોતાનું સ્ટાર્ટ અપ દ્વારા નોકરી દાતા બની શકે તેવા ઉમદા હેતુથી આ SSIP પોલિસી અમલમાં છે. આમ આ Koljna વિદ્યાર્થીઓ પોતાની અંદર રહેલી ઈનોવેશ ક્ષમતાને ઉજાગર કરી કઈક નવા આઈડયા દ્વારા નવું ઈનોવેશન કરી શકે તે હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું

સેમિનારમાં ડો.શબીર એ. પરમાર (આસી.પ્રોફેસર અંગ્રેજી), ડો.ભારત ખેની (આસી. પ્રોફેસર ગુજરાતી) અને પ્રા. સુભાષ એન. ઓડેદરા (આસી. પ્રોફેસર સમાજશાસ્ત્ર) દ્વારા SSIP પોલિસી અને ઈનોવેશ અંગેની ઊંડાણ પૂર્વકની માહિતી કોલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. બહોળી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો એ સેમિનારમાં ઉત્સાહસભર ભાગ લીધેલ હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ અધ્યાપકઓએ મહત્વની ભૂમિકા નિભાવી હતી. આમ આ સેમિનાર સરસ અને સુંદર રીતે સફળ થયો.

## ''૧ ઓટોબર, રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્દાન દિવસ'' દેશમાં દર વર્ષે જરૂરિયાત કરતા ૨૦% ઓછું લોહી મળે છે.

અમરેલી, તા. ૩૦

દર વર્ષે ૧ ઓક્ટોબરનાં રોજ ''રાષ્ટ્રીય સ્વૈચ્છિક રકતદાન દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદેશ્ય લોકોને રકતદાન અંગે જાગૃત કરવાનો છે. લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રક્તદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ–દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રક્દાન કેટલું જરૂરી છે.

આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અધતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શકયું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફકત અને ફકત કોઈ રકતદાતા પાસેથી જ મેળવી શકાય છે અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે.

સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાનાં હેતુથી રક્દાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રકતદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગનાં લોકો જેમણે રકતદાન નથી કર્યુ હોતું તેમનો રકતદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને કયારેય રકતદાન વિશે વિચાર્યુ જ નથી હોતું. તેનો અર્થ એ છે કે સમાજમાં હજુ પણ રકતદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રકતદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને




રકતદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેન્દ્રિત કરવાની તાતી જરૂરિયાત છે, કારણ કે યુવાનો રકતદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રક્તદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી જુદી બ્લડ બન્ક દ્વારા કાલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રકતદાન શિબિર યોજી યુવાનોને રક્દાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રકતદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌપ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે, કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહિ તે ખૂબ જ અગત્યની બાબત છે. રકતદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બન્કમાં જઈને રકતદાન કરાતું હોય છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રકતદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધાયુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સેના સહિયારા પ્રયાસો હજુ ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રકત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.

રકત આપો, જીવન બચાવો.

- રકતદાન, મહાદાન

### ૧ ઓક્ટોબર, ''વિશ્વ શાકાહાર દિવસ''

## શાકાહાર અપનાવો, રોગ ભગાવો માંસાહાર સર્વનાશાહાર, શાકાહારી બનો

અમરેલી, તા. ૩૦

૧ ઓક્ટોબરે, ''વિશ્વ શાકાહાર દિવસ'' મનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણા લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા ગેરમાર્ગે દોરાયેલા લોકો પણ જોડાયા છે. ભારત દેશમાં તો પશુ–પક્ષી–પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, મા સરસ્વતીજી માટે મોર, માજગદંબાજીનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, મા દેવી લક્ષ્મીમજી માટે ઘુવડ, માવૈષ્ણવીજી માટે ગરૂડ, માતા મહેરી માટે નંદી, ગંગામાતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માતાજી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડા અને બહુચરા માતા માટે મગર ! રામ ભગવાન પણ પશુ–પક્ષીઓને ખુબ આદર આપતા. પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ–પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે ? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે? વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે:–વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિકસ–પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ–પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યકિતને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે.



–શાકાહાર હદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે.

પરંતુ વેજ–ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ–પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે.

– શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેકસ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે.

– શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શકયતા રહે છે. બ્લડ–પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોકટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે.

– શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન–વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યકિતને પાચન–સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એકસપટર્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે.

–શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વજનું ઘટકસેરીબ્રોસાઈડ નામનું તત્વી છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે.– મનુષ્યનું પેટ મરેલા પશુ–પક્ષીઓનું કબ્રસ્તાન કે સ્મશાન નથી, પશુ–પક્ષીઓને ખાતા પહેલા તેમને મારવા પડે છે.– હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શકિતશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે. શાકાહાર અપનાવો, રોગ ભગાવો માંસાહાર સર્વનાશાહાર, શાકાહારી બનો

# ચલાલામાં સૌરાષ્ટ્રની પ્રથમ રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલનો શિક્ષણમંત્રીના હસ્તે શુભારંભ






અમરેલી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ (સોમવાર) કેન્દ્ર સરકાર, સંરક્ષણ મંત્રાલય, સંરક્ષણ સેવાઓ, અર્ધ–લશ્કરી સેવાઓ અને પોલીસ સેવાઓમાં કારકિર્દીના ઘડતર માટેના અભિગમ સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત નિવાસી શાળાઓ શરૂ કરવાના ઉદ્દેશ સાથે રાજય સરકાર દ્વારા સામાજિક ભાગીદારી હેઠળ રક્ષા શક્તિ સ્કૂલ્સ શરૂ કરવામાં આવી છે. આ કડીના ભાગરૂપે ફકત વિદ્યાર્થિનિઓ માટેની સૌરાષ્ટ્રની પ્રથમ રક્ષા શક્તિ સ્કૂલનું અમરેલી જિલ્લાના ચલાલા મુકામે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના હસ્તે ઉદ્ઘાટન થયું હતું. યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલમાં પ્રથમ વર્ષે ૭૦ વિદ્યાર્થિનિઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. આ પ્રસંગે સંબોધન કરતા શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રી ડા.કુબેરભાઈએ કહ્યુ કે, રાજયમાં સરકાર દ્વારા ૧૦ રક્ષા શકિ સ્કૂલ આપવામાં આવી છે, સમગ્ર સેરાષ્ટ્રમાં વિદ્યાર્થિનિઓની પ્રથમ રક્ષા શક્તિ સ્કૂલની મંજૂરી રાજય સરકાર દ્વારા અમરેલી જિલ્લાને આપવામાં આવી છે. આ પરિસરમાંથી અભ્યાસ કરી અને ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થિનિઓ રાષ્ટ્ર નિર્માણ, રાષ્ટ્ર સુરક્ષા અને સલામતીમાં યોગદાન આપશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો અને બેટી પઢાવોનો નારો આપ્યો હતો. આ રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ દ્વારા આ નારા સાથે નારી સશકિતકરણની વડાપ્રધાનની સંકલ્પના ચરિતાર્થ થશે. તેમણે વિકસિત ભારતની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પરીકલ્પનાના અનુસંધાનમાં ઉમેર્યુ કે, આ સૈનિક સ્કૂલમાંથી અભ્યાસ કરનારી વિદ્યાર્થિનિઓ વિકસિત ભારતમાં અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપશે. ગઢકુળ પરંપરાઓ જેમાં ગુરૂ શિષ્ય વચ્ચે આદરભાવ હતો તેના દ્વારા ભારત મહાન દેશ હતો. આ પ્રકારના સંસ્કાર દ્વારા નવી શિક્ષાપદ્ધતિ આધારિત શિક્ષણથી ભારત ફરી વિશ્વ ગુરૂ બનશે. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થિનિઓ અને સંસ્થાના અન્ય વિદ્યાર્થીઓને પંડિત રામ શર્મા આચાર્યના રાષ્ટ્ર નિર્માણના સંકલ્પના વિચારો રજૂ કર્યા હતા અને જ્ઞાન તેમજ મૂલ્ય આધારિત શિક્ષા વ્યવસ્થા પર ભાર આપ્યો હતો. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ શિક્ષકનું રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સન્માન પ્રાપ્ત કરનાર અમરેલી જિલ્લાના શિક્ષક ચંદ્રેશભાઈ બોરીસાગરનું સન્માન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, કેમ્પસ ડાયરેક્ટર ચંદ્રમૌલી જોશી, સંસ્થાના સંચાલક મહેશભાઈ મહેતા, સ્થાપક રતિલાલ મેહતા, અગ્રણી જયંતિભાઈ પાનસૂરીયા, અતુલભાઈ પંડ્યા, પ્રકાશભાઈ કારિયા, જયરાજભાઈ વાળા, હિંમતમાઈ દોંગા, પ્રવિણભાઈ માળવીયા, મહેન્દ્રભાઈ, બીપીન ભાઈ ભરાડ, શિક્ષકો, વિદ્યાર્થિનિઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા નાગરિક શરાફી મંડળીની ગાંધીનગર ખાતે ૪૦મી સાધારણ સભા યોજાઈ






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ૪૦મી વાર્ષિક સાધારણ સભા રવિવારે ગાંધીનગર ખાતે સાંસદ પરશોતમભાઈ રૂપાલા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં મળી હતી અને મંડળીની પ્રગતિને રાજકીય આગેવાનોએ શુભકામનાઓ પાઠવી હતી. મંડળીનાં ચેરમેન રશ્વિન ડોડીઆએ મંડળીનાં આગામી વિકાસની રૂપરેખા રજૂ કરી હતી. તો મંડળીનાં એમ.ડી. નિતેષ ડોડીઆએ મંડળીની સફળતાની સફર અંગે ઉપસ્થિત મહાનુભાવો, મંડળીનાં સદસ્યોને જાણકારી આપી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં યુવા હર્ષ મુકેશભાઈ**

નેતાઓને રાજકીય ભૂમિકા નિભાવવાના અને વૈશ્વિક મુદાઓ પર ચર્ચા કરવા માટેનું આંતરરાષ્ટ્રીય મંચ પુરૂ પાડવામાં આવે છે.

હર્ષ સંઘાણી આ પહેલા પણ સ્ટેટ લેવલ પર, રાષ્ટ્રીય સ્તર હોય કે આંતરરાષ્ટ્રીય સ્તર પરની વિવિધ સ્પર્ધાઓ કે મંચ પર તેઓ તેમની નેતૃત્વ શકિતનો પરિચય આપી ચુકયા છે. આ માન્ય અને પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં ભારતના યુવા પ્રતિનિધ તરીકે પસંદગી થવી તે તેમની અદભુત નેતૃત્વ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના અનુભવોના કારણે શકય બન્યું છે. તેમણે તેમના ફાઉન્ડેશન મારફતે નવીનતમ અને રાષ્ટ્રહિત કે દેશહિતની સાથે વૈશ્વિક વિષયો પરના ઘણા બધા પ્રોજેકટસમાં ભારતના યુવાનોને વિકાસ માટે જોડયા છે અને વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કર્યુ છે.

શ્રેષ્ઠ ડિપ્લોમેટ અને નેગોશીયેટર તરીકે પસંદ થવાને કારણે, હર્ષ સંઘાણીના પ્રભાવશાળી વિચારો અને નેતૃત્વ બકૌશલ્યને આંતરરાષ્ટ્રીય સ્તર પણ સફળતા મળેલ છે વિશ્વના વિવિધ દેશોના યુવા નેતાઓ ડિપ્લોમેટ તરીકે પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં હોય ત્યારે હર્ષ સંઘાણીએ વૈશ્વિક વિષયો પર પોતાના પ્રભાવશાળી વિચારો અને તાર્કિક રજુઆતોના લીધે શ્રેષ્ઠ ડિપ્લોમેટની સાથે શ્રેષ્ઠ નેગોશીયેટર તરીકેની સિદ્ધિ મેળવી હતી. અને હર્ષ મુકેશભાઈ સંઘાણીએ આંતરરાષ્ટ્રીય સ્તરે આ સ્પર્ધા જીતી અને અમરેલીને વિશ્વ ફલક પર ગૌરવ અપાવ્યુંછે આ સ્પર્ધા કે કોન્ફરન્સનો મુખ્ય ઉદેશ યુવા નેતાઓને સાથે લાવીને વિશ્વના મહત્ત્વના મુદાઓ પર ચર્ચા કરવા માટેનો છે.

આ જીત હર્ષ સંઘાણીના પરિવાર માટે અને સમગ્ર અમરેલી માટે ગૌરવશાળી ક્ષણ છે. અમરેલીને આ ગૌરવશાળી ક્ષણ અપાવવા અને આંતરરાષ્ટ્રીય મંચ પર અમરેલીનું નામ રોશન કરવા માટે હર્ષ મુકેશભાઈ સંઘાણી એટલે આજના યુગની યુવા શકિત, આ જીત બદલ અમરેલી જીલ્લા સહિત સમગ્ર દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૦૦ | ૧૪૭૨ |
| ૨ | જુવાર સફેદ | ૭૦૨ | ૭૦૨ |
| ૩ | ઘઉં | ૫૫૫ | ૫૫૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૮૫૮ | ૧૧૫૪ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૨૨૦ | ૧૩૮૫ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૯૧ |
| ૪ | તલ કાળા | ૨૪૩૦ | ૩૮૨૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૧૦૦ | ૩૩૦૦ |
| ૬ | બાજરો | ૪૧૫ | ૪૮૨ |
| ૭ | જુવાર | ૪૭૨ | ૯૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૪ | ૬૧૮ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૯ | ૫૯૧ |
| ૧૦ | મકાઈ | ૪૬૫ | ૬૯૬ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૧૬૩૦ |
| ૧૨ | અડદ | ૧૨૫૬ | ૧૮૦૦ |
| ૧૩ | ચણા | ૧૨૧૫ | ૧૫૫૫ |
| ૧૪ | કપાસ | ૮૭૫ | ૧૬૬૦ |
| ૧૫ | એરંડા | ૧૦૮૫ | ૧૨૮૫ |
| ૧૬ | જીરૂ | ૪૩૦૫ | ૪૭૦૦ |
| ૧૭ | ધાણા | ૮૦૦ | ૧૨૩૫ |
| ૧૮ | સોયાબીન | ૭૪૫ | ૯૦૮ |
| ૧૯ | રજકાનું બી | ૩૦૦૦ | ૫૩૬૦ |

### અમરેલીમાં તા. ૨ ઓકટોબરે સ્વચ્છ ભારત દિવસની થશે ઉજવણી

# સ્વચ્છતા માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧ તાલુકા અને 3 ગ્રામ પંચાયતનું બહુમાન થશે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કરશે સંબોધન**

અમરેલી, તા. ૩૦

સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષની ઉજવણીના ભાગઢપે તા.૨ ઓક્ટોબર એટલે કે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીએ સ્વચ્છ ભારત દિવસ ઉજવવા આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલીમાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સવારે ૧૦ કલાકે સંબોધન કરશે. અમરેલી જિલ્લામાં સ્વચ્છતા માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧ તાલુકા અને ૩ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર આપી બહુમાન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં ધાર્મિક, પ્રવાસન સહિતના જાહેર સ્થળોએ ઝુંબેશ સ્વરૂપે સફાઈ કરવામાં આવી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી અને બાબરામાં**

રાહે પણ આખરે ત્યાં ઉપરથી નેટવર્ક બંધ હોય એના હિસાબે કયારે અને કેટલી કલાકે નેટવર્ક ખુલે એની રાહે બેસવાનો વારો આવે છે.

બાબરા જનસેવા કેન્દ્ર ખાતે લાંબી લાઈનોથી વિદ્યાર્થીઓ, વાલીઓ પરેશાન. સવારે ૭ વાગ્યાથી લાગતી લાઈનો બાદ કેવાયસી ન થતા વાલીઓ પરેશાન. કેવાયસી કરવાનું નેટવર્ક બંધ હોવાથી કલાકો સુધી પરેશાન વિદ્યાર્થીઓ અને વાલીઓમાં તંત્રની ઢીલી કામગીરીઓથી રોષ જોવા મળ્યો હતો.

ભાજપના નેતા નીતિનભાઈ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓની હાલાકી દૂર કરવા ઓપરેટર વધારવાની અને કામગીરી ઝડપી કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી. જયારે વનરાજ જાપડિયા સ્થાનિક વિદ્યાર્થીના વાલીએ જણાવ્યું હતું કે, અમો વહેલા આવીને લાઈનમાં ઉભા હોય અને બાદમાં કહેવામાં આવે કે અત્યારે ઉપરથી નેટવર્ક બંધ છે તો અમારે કયો રસ્તો લેવો. એક તો છોકરાની સ્કૂલ અને અમારો ધંધો બંધ રાખી ને આવ્યા હોય તો આ બાબતે વિદ્યાર્થીઓ માટે કોઈ અલગ વ્યવસ્થા કરવી જોઈએ.

જનસેવા કેન્દ્રમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતાં હાર્દિક ભાઈએ જણાવ્યું હતું કે, ઉપરથી નેટવર્ક બંધ હોય એટલે અહીં કામ અટકી અને ઉભું રહી જાય છે. આ બાબતે કોઈ અલગ સુવિધાઓ ઉભી કરી વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે એવો કોઈ ઉકેલ લાવવો જોઈએ તેવી માંગ થઈ રહી છે.

જિલ્લાનાં પદાધિકારીઓ દિવસ–રાત વિકાસની બેઠકો અને ગુલબાંગો ફેંકયા કરે પરંતુ કોઈ જનપ્રતિનિધિ જનતાને પડતી મુશ્કેલી જાણીને તેને દૂર કરવાનો પ્રયાસ કરતા જોવા મળતા નથી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૧૧ | ૧૧૦૧ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૧૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૨૦ | ૨૬૨૦ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૫૦૦૪ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૬૨ |
| ૬ | ઘઉં લોકવન | ૫૫૨ | ૫૯૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૨૫ |
| ૮ | બાજરો | ૪૨૨ | ૫૦૫ |
| ૯ | જુવાર | ૪૧૧ | ૮૦૦ |
| ૧૦ | મકાઈ | ૪૩૬ | – |
| ૧૧ | મગ | ૧૨૫૧ | ૧૫૨૨ |
| ૧૨ | ચણા | ૯૦૧ | ૧૨૨૫ |
| ૧૩ | તુવેર | ૧૭૯૫ | – |
| ૧૪ | મેથી | ૧૧૧૨ | – |
| ૧૫ | ધાણા | ૧૦૪૧ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૨ | ૧૬૫૮ |
| ૨ | જીરૂ | ૪૬૭૫ | ૪૯૫૧ |
| ૩ | મગફળી નવી | ૭૧૫ | ૧૦૦૦ |
| ૪ | અડદ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| ૫ | તલ સફેદ | ૨૧૨૫ | ૨૫૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૩ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૫૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૧ |
| ૪ | સોયાબીન | ૬૦૦ | ૮૭૦ |
| ૫ | મગ | ૧૦૩૬ | ૧૧૬૫ |
| ૬ | ચણા | ૧૧૪૫ | ૧૩૫૫ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૩૫૮ |
| ૯ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૨૯ |
| ૧૦ | મગફળી | ૬૦૦ | ૮૧૧ |
| ૧૧ | અડદ | ૧૦૩૬ | ૧૬૦૦ |
| ૧૨ | બાજરો | ૩૦૦ | ૩૭૦ |
| ૧૩ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૫ |
| ૧૪ | મેથી | ૬૨૫ | ૧૦૨૫ |
| ૧૫ | જુવાર | ૪૦૦ | ૭૦૦ |

### ૧ બેઠક અનામત અને ૧૧ બેઠક જનરલની ચુંટણી પુર્ણ થતા

# બાબરાના નાગરિક સહકારી બેન્કની રસાકસીભરી ચુંટણીનુ પરિણામ જાહેર

**હસમુખભાઈ પોપટને સૌથી વધુ ૬૯૪ મત**

બાબરા, તા. ૩૦

બાબરા નાગરિક સહકારી બેન્કની તુંટણીનું રવિવારે મતદાન થયા બાદ મોડી રાત્રિએ તમામ ૧૨ બેઠકોનું પરિણામ જાહેર થેલ છે.

જેમાં અનુ. જાતી અનામત બેઠક પરથી હરેશભાઈ મેવાડાને ૬૩૧ મત મળતા તેઓને વિજેતા જાહેર કરાયા છે તો સામાન્ય બેઠક પરથી હસમુખભાઈ પોપટ (૬૯૪), અંકુરભાઈ જસાણી (૬૪), ભાવેશભાઈ રાજપોપટ (૬૦૯), બળવંતરાય ચાંવ (૬૦૪), નરેશભાઈ દેસાઈ (૫૧૪), ગૌરવભાઈ તેરૈયા (૪૭૫), જગદીશભાઈ વાવડીયા (૪૭૩), અતુલભાઈ ત્રિવેદી (૪૪૭), ભરતભાઈ ભારદીયા (૪૪૭), વિમલભાઈ જોગી, ૪૪૫) અને હરેશભાઈ શેલીયા (૪૨૩) નો વિજય થયો છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૦ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૯૫૧ | ૯૫૧ |
| ૩ | ઘઉં | ૫૧૧ | ૫૧૫ |
| ૪ | અડદ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| ૬ | સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૯૮૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૮૬ |
| ૩ | તલ કાળા | ૩૫૦૧ | ૩૫૦૧ |
| ૪ | તલ પીળા | ૨૫૦૦ | ૨૬૦૦ |
| ૫ | કપાસ | ૯૦૦ | ૧૪૭૫ |
| ૬ | બાજરો | ૪૨૫ | ૫૩૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૮૨૧ |
| ૯ | મગ | ૧૪૦૭ | ૧૪૦૭ |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૪૬૧ |
| ૧૧ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |

# અમરેલી ખાતે ''કવિ હર્ષદ ચંદારાણાને મળ્યા પછી'' શિર્ષક હેઠળ ભાવાંજલિ કાર્યક્રમ યોજાયો






અમરેલીના મૂર્ધન્ય કવિ શ્રી હર્ષદભાઈ ચંદારાણાને અમરેલીનાં બાલભવન ખાતે વિવિધ સાહિત્યિક સંસ્થાઓ દ્વારા ભાવાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવંગત કવિ હર્ષદ ચંદારાણાનાં ધર્મપત્ની રોહિણીબેન તથા તેમનાં પૂત્ર આકાશ ચંદારાણા (આશા ટ્રેડર્સ) દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, બાલભવનના ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા, સહકારી આગેવાન અનિલ વેકરીયા, કવિઓ ઉમેશ જોષી (સાહિત્ય સર્જક પરિવાર), હરજીવન દાફડા (રમેશ પારેખ સાહિત્ય વર્તુળ), શિવજી રૂખડા, ચંદ્રહાસ બસિયા (મેઘાણી સાહિત્ય વર્તુળ), ડો. કાલિન્દી પરીખ, ડો. વિનોદ રાવળ, મુકેશ જોષી, મુકેશ જોગી, ગોપાલ ધકાણ, ધર્મેશ ઉનાગર, જહાંગીરભાઈ, દવેભાઈ વગેરે ઉપસ્થિત રહેલાં. આ પ્રસંગે અમરેલીનાં યુવા ધારાસભ્ય કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, કવિ હર્ષદભાઈ ચંદારાણા એ અમરેલી જીલ્લાનું ઘરેણુંછે તેની કાયમી સ્મૃતિ જળવાય તે માટે કંઈક કરવા સૂચન કરેલ હતું. મુખ્ય વકતા સ્નેહી પરમારે કવિ હર્ષદ ચંદારાણાને માનવતાનાં કવિ ગણાવી તેમની સાહિત્ય સાધનાનાં વિવિધ પાસાઓની સરસ વાતો કરી હતી. આયોજક ભાવકો વતી સ્વાગત પ્રવચન સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી, કાર્યક્રમનું ભાવવાહી સંચાલન કવિ રોહિત જીવાણી અને આભાર વિધિ આરાધના ટ્રસ્ટનાં ઈતેશ મહેતાએ કરેલ. અત્રે પંકજભાઈ જોષી, ગાયક સંજય પંડયા, પિનાકિન ચિતલિયા, પરેશ મહેતા (સંવાદ), ભરત ઉપાધ્યાય (ગદ્ય સાહિત્ય સભા), કિરણ નાંઢા, યોગેશ ભટ્ટ, પારૂલબેન મહેતા, શિક્ષક શિલ્પાબેન મહેતા, રશ્મિબેન પરમાર, માલતીબેન પંડયા, વિ હિન્દુ પરિષદનાં જિલ્લા કોષાધ્યક્ષ ડો. પંકજ ત્રિવેદી, ધર્મેશ ગોંડલીયા, દિલીપસિંહ પરમાર, પ્રતાપસિંહ રાઠોડ, લોક સાહિત્ય સેતુના ઉર્વશીબેન, ચંદ્રેશ બારોટ, રમેશ જાદવ વગેરેએ દિવંગત કવિને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કવિ હર્ષદ ચંદારાણાનાં સાહિત્યિક યોગદાનને યાદ કરતાં અહીં સૌ સ્નેહી–મિત્રો–શુભેચ્છકો દ્વારા સ્વર્ગસ્થ કવિનાં સંસ્મરણો વાગોળતાં પ્રસંગ ખૂબ જ ભાવપૂર્ણ બની રહ્યો હતો.

## ભાજપનાં રાજમાં ભાજપનાં એક પદાધિકારી પણ સલામત નથી

# સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી ચેતન માલાણી ઉપર જીવલેણ હુમલો

**ખડસલી ગામે પાણીનો સમ્પ બનાવવાની જગ્યામાં દબાણ હોવા અંગે માથાકૂટ થયાનું અનુમાન**

**ભાજપ અગ્રણીનાં પત્ની ગામનાં સરપંચ હોય અને સરકારી જમીન ઉપર દબાણ દૂર કરવાની બાબતને લઈને હુમલો થયાની આશંકા**

**ભાજપ અગ્રણીને બે હાથ અને ડાબા પગમાં ગંભીર ઈજા થવાથી સારવાર ખાતે ભાવનગર ખસેડાયા**

**પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય કસવાલાએ હુમલાની ઘટનાને વખોડી**







અમરેલી, તા. ૩૦

ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુકત શાસન આપી રહ્યાની ગુલબાંગો સત્તાધારી પક્ષનાં આગેવાનો ફેંકી રહ્યા છે. તે સમયે આમ આદમી તો ઠીક પરંતુ ભાજપનાં જ એક પદાધિકારી ઉપર જીવલેણ હુમલો થાય અને તેઓને ગંભીર અવસ્થામાં ભાવનગર ખાતે સારવારમાં લઈ જવા પડે તેવી ગંભીર સ્થિતિનું નિર્માણ થયું છે.

વિગત એવા પ્રકારની છે કે, સાવરકુંડલા તાલુકા ભાજપનાં મહામંત્રી ચેતનભાઈ માલાણીનાં પત્ની ખડસલી ગામનાં સરપંચ હોય અને ગામમાં આવેલ સરકારી જમીન ઉપર સમ્પ બનાવવાનો હોય અને તે જમીન ઉપર દબાણ હોય અને તે દૂર કરવા વિચારણાને લઈને સરપંચનાં પતિ અને ભાજપનાં મહામંત્રી ઉપર કોઈ ઈસમોએ જીવલેણ હુમલો કર્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતું હોવાનું પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવ્યું હતું.

ભાજપનાં મહામંત્રીને બે હાથ અને ડાબા પગમાં ફેકચર આવેલ હોવાનું અને તેઓને ગંભીર હાલતમાં ભાવનગર ખાતે સારવારમાં ખસેડવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

આ બનાવ અંગે સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી છે અને આ બનાવને પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશ કસવાલાએ વખોડી કાઢેલ છે.

## રાજુલા જાફરાબાદ શહેર તાલુકાના યુવક કોંગ્રેસના પ્રમુખોની વરણી કરાય




અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની સુચનાથી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદીપભાઈ ધાનાણી દ્વારા તાજેતરમાં યોજનારી રાજુલા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને યુવાનોની ટીમ મજબૂત બનાવવા રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે કરણભાઈ કોટડીયા, રાજુલા તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે વિજયભાઈ પરમાર અને જાફરાબાદ શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે મુદસ્સરભાઈ થયૈમ તેમજ જાફરાબાદ તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે યુવરાજભાઈ વરૂની નિમણૂક કરવામાં આવેલ છે.

આ નિમણૂક અને અમરેલી જિલ્લા કોંગ્રેસ આગેવાન પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત, વિરજીભાઈ ઠુંમર, જેનીબેન ઠુંમર, ચંદ્રેશભાઈ રવાણી, ઠાકરશીભાઈ મેતલીયા તેમજ રાજુલા–જાફરાબાદના આગેવાનો ટીકુભાઈ વરૂ, જે.ડી. કાછડ, નાયાભાઈ ગુજર, ગાંગાભાઈ હડીયા, ભગવાનભાઈ વાઘ, રવિભાઈ ધાખડા, દિપકદાદા ત્રિવેદી, અબ્દુલભાઈ સેલોત, મારૂ, નાથાભાઈ પરમાર, હરેશભાઈ બાંભણિયા, રજાકભાઈ થૈયમ, કાદરભાઈ જાડેજા, દિલીપભાઈ સોજીત્રા અને દીપકભાઈ વિંઝુડા સહિતના કોંગ્રેસના આગેવાનોએ આ નિમણૂંકને આવકારેલ છે અને અભિનંદન, શુભેચ્છા પાઠવેલ છે. તેમ અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ તેજસભાઈ મસરાણી અને પ્રહલાદભાઈ સોલંકીની યાદીમાં જણાવ્યું છે.

## લીલીયામોટામાં આજે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાશે

લીલીયા, તા. ૩૦

લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી શાંતાબેન કન્યા વિદ્યાલય ખાતે આજે માધ્યમિક ઉચ્ચતરઅ માધ્યમિક વિભાગના S.V.S લાઠી, લીલીયા, બાબરા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪–૨૫ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામ યોજાશે. જેમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સમારંભમાં ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે પ્રેરક ઉપસ્થિત જી.પં.શિ.સ. ચેરમેન રમીલાબેન ધોરાજીયા, જી.પં.સદસ્ય,

વિપુલભાઈ દુધાત, જિ.શિ. અધિકારી એમ.બી. ગોહિલ, આચાર્ય જિ.શિ. અને તાલીમ ભવન એન.આર. ચાંપાનેરી, સહિતના આમંત્રીત મહેમાનો, બાળ વૈજ્ઞાનિકો, તજરી શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન સફળ બનાવવા સંચાલક મંડળના અરૂણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી, બાબુભાઈ ધામત, શાળાના આચાર્ય, રંજનબેન રાદડીયા સમગ્ર સ્ટાફ કર્મચારીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યાં છે. તેમ મનોજ જોષીની યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલા : દોશી ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે વિદાય સમારોહ યોજાયો




સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા ખાતે નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે શાળાના કર્મચારીઓની વિદાય નિવૃત્તિ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. આ વિદાઈ સન્માન સમરોહમાં નૂતન કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા સાહેબ તેમજ વિનુભાઈ રાવળ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વય નિવૃત્તિના કારણે નિવૃત્ત થઈ રહેલા એમ.એસ. અસારી સાહેબ તેમજ સ્વૈચ્છિક નિવૃત્ત થઈ રહેલ શાળાના સવિતાબેન બગડાના નિવૃત્તિને સમયે તેમના પરિવારજનો અને શાળાનો સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીની બહેનો તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નિવૃત્ત થતા કર્મચારીને ભેટ તેમજ શાલ ઓઢાડી, સાકર પડો આપીને સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. શાળાના કર્મચારી નિલેશભાઈ ગૌસ્વામી તેમજ ધૃતિબેન મહેતાએ આ પ્રસંગોએ સંસ્મરણો વાગોળ્યા હતા. તેમજ વિદ્યાર્થીનીઓએ પણ પોતાના ગુરૂ વિશે પોતાના અભિપ્રાયો વ્યકત કર્યા હતા. શાળાના આચાર્ય ઉષાબેન બી. તેરૈયા તેમજ શાળાના સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદીએ પણ આ સમયે કર્મચારીઓને શુભકામનાઓ પાઠવી હતી. નિવૃત થતા શાળાના મદદનીશ શિક્ષક એમ. એસ. અસારી સાહેબે પણ પોતાના આ ૩૪ વર્ષના સમયગાળાને વાગોળ્યા હતા. સાથોસાથ શાળાના સવિતાબેન બગડા પણ પોતાના સંસ્મરણો વાગોળી ભાવુક બન્યા હતા.

આ કાર્યક્રમનુ સંચાલન સંગીતાબેન પરમારે કર્યુ. અંતમાં તમામ વિદ્યાર્થીની બહેનોને મીઠું મોં કરાવવામાં આવ્યું હતું એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## ગાવડકા, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ''અમર ડેરી'' તથા અમર દાણ ફેક્ટરીની મુલાકાત કરી



અમરેલી, તા. ૩૦

અમરેલી તાલુકાની ગાવડકા પ્રાથમિક શાળામાં નવી શિક્ષણ નિતી અંતર્ગત બુગલેસ ડે પ્રોજેકટ કાર્યક્રમ અમલમાં છે. જેમાં વિદ્યાર્થીઓ વ્યવસાયિક શિક્ષણથી અવગત થાય તેવા હેતુસર અમર ડેરી અને અમર દાણ ફેકટરીની મુલાકાત કરી હતી.

અમર ડેરીની મુલાકાત દરમિયાન દૂધ કલેકશનથી લઈને દહીં, છાશ, માખણ, ઘી બનાવવાની પ્રક્રિયા નિહાળી હતી. ત્યારબાદ અમર દાણ ફેકટરીની મુલાકાત કરી હતી. પશુ આધાર બનાવવાની આખી પ્રક્રિયા જોઈ વિદ્યાર્થીઓ અભિભૂત થઈ ગયા હતાં. બંને ફેકટરીની મુલાકાત બદલ સંચાલકોનો આભાર વ્યકત કર્યો હતો. પ્રિ. વોકેશનલ એકિટીવીટીનું આયોજન હેડી ટીચર પિયુષ જોટાણિયા, હિતેશભાઈળ વાઘેલા તથા કોકિલાબેન કાનપરિયાએ સફળ બનાવ્યું હતું.

## રાજુલા નગરપાલિકા સેવા સેતુ કાર્યક્રમમાં ૧,૪૭૪ અરજીઓનો સ્થળ પર નિકાલ

અમરેલી તા.૩૦

રાજય સરકારની જન કલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજય વ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે. મહત્વનું છે કે, આગામી તા.૩૧ ઓક્ટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા–મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષી સેવા–સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. અમરેલી જિલ્લાના રાજુલા નગરપાલિકાનો સેવા સેતુ કાર્યક્રમ–૨૦૨૪ યોજાયો હતો. કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. ૬૮૦ આવકના દાખલા, કુલ ૩૪૮ રાશન કાર્ડ ધારકોની ઈ–કેવાયસી સેવા, ૧૩૦ જન્મ મરણ પ્રમાણપત્ર, ૭૫ આરોગ્ય ચકાસણી– ડાયાબિટીસ બીપી સહિતની બાબતોની ચકાસણી, ૬૦ પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીના મંજૂરીપત્રો, ૪૫ પ્રોપર્ટી ટેક્સની અરજી, ૪૨ રાશનકાર્ડમાં નામ દાખલની અરજી, ૪૦ વ્યવસાયવેરા સંબંધિત અરજી, રાશનકાર્ડમાં નામ કમી કરવા સંબંધિત કુલ ૮ અરજી, ૨ નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ સંબંધિત અરજી સહિત કુલ ૧,૪૭૪ અરજી બાબતે સ્થળ પર હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.આમ, રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માપ્રયમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ

# અમરેલી જીલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક યોજાઈ







અમરેલી જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અને સાવરકુંડલાના પ્રતાપભાઈ દુધાત દ્વારા અમરેલી જીલ્લા કોંગ્રેસ સમિતીની કારોબારી મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગ AICC નાં સેક્રેટરી અને મધ્યપ્રદેશના પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જીલ્લાના પ્રભારી ભુપેન્દ્રભાઈ મારવીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતી. આ મીટીંગમાં લાઠી નગરપાલિકાનાં પ્રભારી અને પાલીતાણાના પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, રાજુલા નગરપાલિકાનાં પ્રભારી રાજભાઈ મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. જીલ્લા કોંગ્રેસની કારોબારી મીટીંગમાં પ્રદેશ મહિલા કોંગ્રેસની કારોબારી મીટીંગમાં પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયા, પુર્વ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે.રૈયાણી, શંભુભાઈ દેસાઈ, કોંગ્રેસ અગ્રણી ચંદ્રેશભાઈ રવાણી, ટીકુંભાઈ વરૂ, હાર્દિકભા કાનાણી, શરદભાઈ ધાનાણી, યુવક કોંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણી, મહિલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન સોંડાગર, અનું.જાતિ મોરચા પ્રમુખ હસુભાઈ બગડા, ઓબીસી સેલ પ્રમુખ રમેશભાઈ ગોહિલ, વલ્લભભાઈ ઝીઝુંવાડીયા, અરવિંદભાઈ સિતાપરા, રફિકભાઈ મોગલ, મુઝફ્ફર હુસેન સૈયદ, કે.કે.વાળા, ડી.ડી.પરમાર, પ્રહલાદ સોલંકી, નરેશભાઈ અધ્યારૂ, જગદીશભાઈ તળવિય, જગદીશ પાનસુરીયા, જીલ્લા પંચાયત સદસ્ય જે.ડી.કાછડ, તાલુકા કોંગ્રેસ સમિતિના પમુખ મનીષભાઈ ભંડેરી, ગાંગાભાઈ હડિયા, આંબાભાઈ કાકડીયા, બાબુભાઈ દુધાત, રવીભાઈ હિરાણી, રવજીભાઈ પાનસુરીયા, ખોડાભાઈ માલવિયા, તથા શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડયા, વિશાલ માલવિયા, સુરેશભાઈ ગોયાંણી, હસુભાઈ સૂચક, કનુભાઈ ડોડીયા, રવિભાઈ ધાખડા, નરેશભાઈ દેવાણી સહિતનાં જીલ્લાભરના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આજની મીટીંગમાં ઉપસ્થિત AICC પ્રભારી ભૂપેન્દ્ર માંરાવીએ કોંગ્રેસ પક્ષનું સંગઠન બુથ સ્તરે થી મજબૂત કરવા પર ભાર મૂકી આવનારી તાલુકા અને જીલ્લા પંચાયત અને નગરપાલિકા ચૂંટણીમાં ચોકકસ રણનીતિ પૂર્વક એકજૂથ થઈ ભાજપને ભરી પીવા અને કોંગ્રેસ અધ્યક્ષ ખડગેજી અને કોંગ્રેસ નેતા રાહુલજી ગાંધીના હાથ મજબૂત કરવા કોંગ્રેસના બબ્બર શેર જેવા કાર્યકર્તાઓએ અથાક મહેનત કરવા આહવાન કર્યુ હતું. ઉપસ્થિત અન્ય તમામ પ્રભારીઓ અને જીલ્લાના તમામ આગેવાનો દ્વારા આવનારા સમયમાં કોંગ્રેસ પક્ષ અમરેલી જીલ્લામાં વિજયી થાય એ માટેના વિવિધ સૂચનો કરેલ હતાં. આજની મીટીંગમાં ઉપસ્થિત કોંગ્રેસ કાર્યકરોમાં વિશેષ ઉત્સાહ અને જોમ પ્રવૃતિ રહ્યો હતો એ જોતાં આવનારી સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં અમરેલી જીલ્લામાં કોંગ્રેસ ફરી પોતાની ગૌરવવંતી પરંપરા જાળવી લોક સમર્થન મેળવશે એવો આશાવાદ ઉપસ્થિત નેતૃત્વએ વ્યકત કર્યો હતો.

The best place to celebrate happiness !
Avadh
Family Restaurant & Banquet Hall
Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066
Engagement Birthday Anniversary Kitty Party Corporate Event
Capacity upto 70 Peoples
Veg. Menu with Catering Service
Complete Table & Chair Facilities
DJ & Sound System Available
Projector & Screen Facilities
Proper Lighting Facilities

લંડન ખાતે આંતરરાષ્ટ્રીય મંચ ઉપર

# અમરેલીનાં યુવા હર્ષ મુકેશભાઈ સંઘાણીને બેસ્ટ ડીપ્લોમેન્ટ એવોર્ડ

## સમગ્ર ભારત દેશનું ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૩૦

અમરેલીના જાણીતા યુવા નેતા, હર્ષ મુકેશભાઈ સંઘાણી લંડન ખાતે યોજાયેલી Best Diplomats Model Nations (MUN) કોન્ફરન્સમાં શ્રેષ્ઠ ડિપ્લોમેટ અને શ્રેષ્ઠ નેગોશીયેટર તરીકે ચમકયા છે. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટ, જે દર વર્ષે યુનાઈટેડ નેશન્સના યુવા વિંગ દ્વારા આયોજીત કરવામાં આવે છે, તેમાં વિશ્વના યુવાન

**અનુસંધાન પાના ૬ ઉપર**

કહી ખૂશી કહી ગમનો માહોલ

# અમરેલી, બાબરા સહિતનાં વિસ્તારોમાં મેઘાની પધરામણી

## વીજળીનાં કડાકા–ભડાકા સાથે દે ધનાધન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૩૦

અમરેલી–બાબરા સહિતનાં વિસ્તારોમાં આજે મેઘાની કડાકા–ભડાકાસાથે એન્ટ્રી થતાં અર્ધાથી લઈને એક ઈંચ જેટલો વરસાદ પડયો હતો.

જિલ્લામાં દરિયાકાંઠા વિસ્તારને બાદ કરતાં તમામ વિસ્તારમાં સરેરાશ કરતાં વધારે વરસાદ પડતાં ચેકડેમ, જળાશય છલોછલ થયા હતા.

Sheetal
સ્ટાફ જોઈએ છે.
અમરેલીની નામાંકિત કંપની શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે. રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝ્યુમ નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.
95109 59957
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna
DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

www.headway.guru
9081241916
SUVARNA SAUBHAGYA UTSAV
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯
સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુઓ છો, ખરીદી ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

૭૧માં જન્મદિન નિમિત્તે
ખુબ-ખુબ શુભકામનાઓ...
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
સાંસદશ્રી - રાજકોટ
(પુર્વ આચાર્યશ્રી)
રાજકોટના સાંસદશ્રી
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી નાં ૭૧માં જન્મદિન નિમિત્તે તેઓને દીર્ઘાયુ, યશ, કિર્તી, પ્રતિષ્ઠા મળે તેવી ખુબ-ખુબ શુભકામનાઓ...
શુભેચ્છક
ઓક્સફર્ડ
સ્કૂલ ઓફ સાયન્સ
શાળા પરિવાર વતી
મયુર ગજેરા
(સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા)
નિલેશ ગજેરા (ડાયરેક્ટર)
પ્રહલાદ વામજા (કેમ્પસ ડાયરેક્ટર)

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
હવે આપણી ગોળ હોસ્પિટલમાં નિયમિત મળશે .......
• ડાયાબિટીસ - કિડની - લીવર ની તકલીફ
• હૃદયરોગ - બીપી
• શ્વાસ ચડવો
• પેરાલીસીસ અને આંચકીની તકલીફ વગેરે તકલીફ ની સારવાર માટે મળો
કેશલેસ મેડિક્લેમ સુવિધા ઉપલબ્ધ
ડો. હિરલ કુચા
એમ.ડી (કન્સલટન્ટ ફિઝિશિયન અને કાર્ડિયો ડાયાબિટોલોજિસ્ટ)
24X7 ઈમરજન્સી અને એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ
અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો ૯૯૭૯૮૬૬૬૨૮
સમય: સવારે ૯ થી ૨ અને સાંજે ૫ થી ૮
એન. સી. ડી. કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792)221324

LG BEST SHOP
India ka Celebration
બેસ્ટ શોપ એક્સક્લુસિવ ઓફર
WIN LG DREAM HOME PACKAGE Every Day
51 CRORES
અન્ય આકર્ષક ઓફર
₹1 & TAKE HOME
888
26
1 YEAR FREE INSURANCE
FREE GIFT
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

૭૧માં જન્મદિન નિમિત્તે ખુબ-ખુબ શુભકામનાઓ...
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
સાંસદશ્રી - રાજકોટ
રાજકોટના સાંસદશ્રી
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી નાં ૭૧માં જન્મદિન નિમિત્તે તેઓને દીર્ઘાયુ, યશ, કિર્તી, પ્રતિષ્ઠા મળે તેવી ખુબ-ખુબ શુભકામનાઓ...
: શુભેચ્છક :
ડીઝાઈન પોઈન્ટ
તેમજ સ્ટાફ પરિવાર
ગણેશ કોમ્પ્લેક્ષ, સ્ટેશન રોડ, અમરેલી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)